Shree Kundkund-Kahan Parmarthik Trust
302, 'Krishna-Kunj', Plot No.30, Navyug CHS Ltd., V. L. Mehta Marg, Vile Parle(w), Mumbai–400056
**Phone No. :** (022) 2613 0820. **Website :** www.vitragvani.com **Email :** info@vitragvani.com

Atmadharma is a magazine that has been published from Songadh, since 1943. We have re-typed and uploaded the old Atmadharma Magazines to our website www.vitragvani.com

We have taken utmost care while re-typing, from the original Atmadharma Magazines. There may be some typographical errors, for which we request all readers to kindly inform us about the same, to enable us to correct and improve. Please send your comments to info@vitragvani.com

**Shree Kundkund-Kahan Parmarthik Trust**
**(Shree Shantilal Ratilal Shah-Parivar)**

દંસણમૂલો ધમ્મો



# આત્મધર્મ



આત્માર્થિતા વાત્સલ્ય દેવગુરુધર્મની સેવાનો સન્દેશ આપતું માસિક

## ૨૮૩



પાર્શ્વનાથ ભગવાન ( સમ્મેદશિખર–મધુવન )


તંત્રીઃ જગજીવન બાવચંદ દોશી* સંપાદકઃ બ્ર. હરિલાલ જૈન

વીર સં. ૨૪૯૩, વૈશાખ ( લવાજમઃ ત્રણ રૂપિયા ) વર્ષ ૨૪ઃ અંક ૭

શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ (સૌરાષ્ટ્ર)

# स्वागतम्...........अभिनन्दनम्



અનેક સ્થળે ભગવાન જિનેન્દ્રદેવની પ્રતિષ્ઠા કરીને, અને સિદ્ધિધામ સમ્મેદશિખરજી વગેરે તીર્થોની યાત્રા કરીને પુનઃ સૌરાષ્ટ્રભૂમિમાં પધારતા પૂ. ગુરુદેવનું સ્વાગત કરીએ છીએ...અને બોટાદ શહેરમાં જેમનો ૭૮મો મંગલ જન્મોત્સવ ઉજવાયો એવા ગુરુદેવને હૃદયના ઉમંગથી અભિનંદીએ છીએ.

હે ગુરુદેવ ! આપની શીતળ છત્રછાયામાં જે વીતરાગી શાંતિ વર્તે છે ને અધ્યાત્મરસભીનું જે વૈરાગ્યમય વાતાવરણ વર્તે છે તેની હવા ચાખનાર મુમુક્ષુજીવોને સહેજે આત્મહિતની સ્ફૂરણા જાગે છે, આત્મહિત સિવાયના અન્ય કાર્યોમાંથી તેનો રસ ઊડી જાય છે. અતિશય રસપૂર્વક જે આત્મતત્ત્વનો મહિમા આપ સંભળાવો છો તે આત્મતત્ત્વની પ્રાપ્તિ માટે અમારા જેવા અનેક બાળકો આપના ચરણોમાં જીવન વીતાવી રહ્યા છે. આપ જે પરમ તત્ત્વ બતાવી રહ્યા છો તેને અત્યંત ઉદ્યમપૂર્વક ઉપાસીએ અને આપની મંગલછાયામાં પરમ પદને પામીએ એવી ભાવના સાથે અત્યંત ભક્તિપૂર્વક આપનું સ્વાગત કરીએ છીએ........અભિનંદન કરીએ છીએ.

બોટાદઃ વૈશાખ સુદ ૨ — સંપાદક

વાર્ષિક લવાજમ
ત્રણ રૂપિયા

દંસણ મૂલો ધમ્મો
આત્મ ધર્મ
આત્માર્થીતા
વાત્સલ્ય
દેવગુરુધર્મની સેવા

વીર સં. ૨૪૯૩
વૈશાખ

* વર્ષ ૨૪ : અંક ૭ *

# પ્રત્યક્ષ-સ્વાનુભવનો ઉપોદ્ઘાત

[ રાજકોટઃ વૈશાખ સુદ ત્રીજ, સં. ૨૦૨૩ ]

સમયસાર ગા. ૭૩ શરૂ કરતાં ઉપોદ્ઘાતમાં શિષ્યના પ્રશ્નનું વિવેચન કરતાં ગુરુદેવે કહ્યું કે, 'કઈ વિધિથી આ આત્મા આસ્રવોથી છૂટે છે?'–એવો શિષ્યનો પ્રશ્ન છે, તે શિષ્યની જિજ્ઞાસા સૂચવે છે. મારો આત્મા અજ્ઞાનભાવે આસ્રવોમાં અટકયો છે, તે દુઃખ છે; તેમાંથી આત્માને કઈ રીતે છોડાવવો? એવી અંતરની જિજ્ઞાસાપૂર્વક શિષ્યે છૂટકારાનો ઉપાય પૂછયો છે. છૂટવાની જેના અંતરમાં ધગશ છે એવા શિષ્યનો આ પ્રશ્ન છે. તેને આચાર્યદેવ આસ્રવોથી છૂટવાની રીત બતાવે છે–

**છું એક, શુદ્ધ, મમત્વહીન હું, જ્ઞાનદર્શનપૂર્ણ છું;**
**એમાં રહી સ્થિત, લીન એમાં, શીઘ્ર આ સૌ ક્ષય કરું.**

આવા સ્વાનુભવ વડે જ્ઞાની આસ્રવોને ક્ષય કરે છે,–એમ બતાવીને આચાર્યદેવ કહે છે કે તારે પણ આસ્રવોનો ક્ષય કરવો હોય તો આ તેની વિધિ છે. આવા સ્વસંવેદનપ્રત્યક્ષ આત્માને નિર્ણયમાં લઈને તેનો અનુભવ કરતાં તત્ક્ષણે જ આત્મા આસ્રવોને છોડી દે છે. પહેલાં અજ્ઞાનપણે રાગાદિ આસ્રવોને પકડી રાખતો, તેને બદલે હવે ભગવાન આત્મા જ્ઞાનસમુદ્રમાં એવો મગ્ન થયો કે આસ્રવોની પકડ છૂટી ગઈ; આનું નામ ભેદજ્ઞાન, ને આનું નામ ધર્મ. પ્રત્યક્ષઅનુભવ માટેનો વ્યવહાર કયો? કે પહેલાં જ્ઞાનવડે આત્માના સ્વભાવનો નિર્ણય કરવો. આવા નિર્ણયમાં જ જો ભૂલ હોય તો આત્માનો સાચો અનુભવ થાય નહિ. રાગને સાધન બનાવીને આત્માનો અનુભવ કરવા માંગે તો થઈ શકે નહિ. આત્માના પ્રત્યક્ષ અનુભવમાં વચ્ચે બીજું સાધન છે જ નહિ. આત્માના સ્વભાવને રાગાદિ વિકાર સાથે કારણકાર્યપણું નથી. અહો, આવા આત્માનો પ્રત્યક્ષ અનુભવ કરવો, અને તે પહેલાં તેનો નિર્ણય કરવો–તે કરવા જેવું છે. રાગ વખતે કાંઈ રાગ તે નિર્ણય કરતો નથી, પણ તે વખતનું જ્ઞાન, પોતાની જાણવાની શક્તિથી તે નિર્ણય કરે છે. એટલે તે નિર્ણયમાં રાગનું કર્તૃત્વ નથી. તે જ્ઞાનનું જ કાર્ય છે. આવો નિર્ણય કરવો તે પ્રત્યક્ષ અનુભવ માટેનો ઉપોદ્ઘાત છે.

◆---------◆

# ગુજરાતમાં પ્રવેશ્યા ત્યારે

**જયપુરમાં ઉત્સવ તથા સમ્મેદશિખરજી વગેરે તીર્થની યાત્રા કર્યા બાદ પુનઃ ગુજરાતમાં આવ્યા; ને ગુજરાતમાં પહેલું પ્રવચન બામણવાડા ગામે થયું. હજાર ઉપરાંત મુમુક્ષુઓ તેમજ ગ્રામ્યજનો સમક્ષ ગુરુદેવે અત્યંત સરળ શૈલીમાં રાજાના દ્રષ્ટાંતે આત્માની સેવા કરવાનો ઉપદેશ આપ્યો.**

**( ચૈત્ર વદ ૯, તા. ૨-૫-૬૭ )**

આચાર્યદેવ કહે છે કે આ આત્મા છે તે ચૈતન્યરાજા છે, જગતમાં તે શ્રેષ્ઠ તત્ત્વ છે; દેહથી ભિન્ન સચ્ચિદાનંદસ્વરૂપ આ જીવરાજા છે. જેમ રાજાને પ્રસન્ન કરવા માટે તેને ઓળખીને નિઃશંકપણે તેની સેવા કરે છે ને રાજા તેને ધન આપે છે, તેમ આ દેહમાં રહેલો ચૈતન્યરાજા, તેને ઓળખીને, તેની શ્રદ્ધા કરીને તેમાં એકાગ્રતા દ્વારા તેની સેવા કરવી.–આ રીતે આત્માની સેવા કરવાથી ધર્મ થાય છે ને સાચું સુખ મળે છે.

અહો, આ તો પંચમકાળમાં સન્તોએ અમૃત વરસાવ્યા છે. ભાઈ, આત્માનું સ્વરૂપ શું છે તે સમજ્યા વગર પુણ્ય ને પાપ કરી કરીને સ્વર્ગ–નરકાદિ ચાર ગતિમાં તેં અનંતા અવતાર કર્યા; ભલે તને યાદ નથી પણ તેથી કાંઈ તે વાતનું અસ્તિત્વ મટી ન જાય. આત્મા તો અનાદિનો છે, તે કાંઈ નવો થયો નથી, તેમજ તેનો નાશ થઈ જતો નથી. એ તો છે...છે...ને છે...ત્રિકાળી તત્ત્વ છે. અજ્ઞાનભાવે તે સંસારમાં રખડે છે. જો આત્માનું જ્ઞાન કરીને મોક્ષ પામે તો ફરી તેને ચાર ગતિમાં અવતાર રહે નહીં.

આચાર્યદેવ કહે છે કે ભાઈ! તું તો ચૈતન્યસ્વરૂપ છો, જ્ઞાન–આનંદ વગેરે અનંતગુણોનો તું ઢગલો છો. તારા ગુણોને ભૂલીને તેં જે અજ્ઞાન અને રાગ–દ્વેષ કર્યા છે, તે તારો દોષ છે. દેહાદિ પરદ્રવ્ય કાંઈ તારાં થઈ ગયા નથી; એ વસ્તુ તો જુદી છે. પોતામાં જે રાગ–દ્વેષ–મોહરૂપ મેલ છે તે આત્માની

સાચી સમજણ વડે છોડવાના છે. બાકી પર વસ્તુથી પોતાને સુખી માને તે તો ભ્રમણા છે.

શ્રીમદ્ રાજચંદ્ર નાની ઉંમરમાં કહે છે કે–

**આત્મા છે, તે નિત્ય છે,**
**છે કર્તા નિજકર્મ;**
**છે ભોક્તા, વળી મોક્ષ છે,**
**મોક્ષઉપાય સુધર્મ.**

* ભાઈ, આત્મા આ દેહથી જુદું જાણનાર તત્ત્વ છે.
* દેહના નાશે તેનો નાશ નથી પણ તે અવિનાશી તત્ત્વ છે.
* તે પોતાના નિજકાર્યનો કર્તા છે, પરનો કર્તા નથી.
* પોતે જે શુભ કે અશુભકર્મ કરે તેના ફળને તે ભોગવે છે.
* શુભાશુભકર્મનો નાશ કરીને શુદ્ધતારૂપ મોક્ષદશા પામે છે.
* અને તે મોક્ષનો ઉપાય સત્ય ધર્મ છે.

સત્ય ધર્મ એટલે શું? આત્માના સ્વરૂપની ઓળખાણ, શ્રદ્ધા અને અનુભવ–તે ધર્મ છે, ને તે મોક્ષનો માર્ગ છે. માટે મોક્ષાર્થી જીવે અંતરમાં આ રીતે ચૈતન્યરાજાની ઓળખાણ કરીને તેનું સ્વસંવેદન કરવું. આત્માનું સ્વસંવેદન, એટલે આત્માનો અનુભવ તે આનંદરૂપ છે. અનુભવનો ઘણો મહિમા છે–

**અનુભવ રત્નચિંતામણિ, અનુભવ હૈ રસકૂપ;**
**અનુભવ મારગ મોક્ષકા, અનુભવ મોક્ષસ્વરૂપ.**

નાની ઉંમરમાં કુવાકાંઠે સાંભળતાં કે–

**“અનુભવીને એટલું રે આનંદમાં રહેવું.” ...**

ત્યારે એ વાત બહુ ગમતી. આચાર્ય ભગવાને આ સમયસારમાં આત્માના અનુભવની રીત બતાવી છે. આ રીતથી આત્માને ઓળખીને અનુભવવો–તે મોક્ષનો ઉપાય છે.

# બોટાદ શહેરના
# પ્રવચનોમાંથી ૭૮ પુષ્પો

**શ્રી જિનેન્દ્ર ભગવંતોની પ્રતિષ્ઠા અને તીર્થયાત્રાના મંગલકાર્યો કરીને ૭૮મી જન્મજયંતીના ઉત્સવ પ્રસંગે ગુરુદેવ બોટાદ પધાર્યા ત્યાં આઠ દિવસ રહ્યા, ને સમયસાર કર્તાકર્મ અધિકાર ઉપર પ્રવચનો થયા. તે પ્રવચનોમાંથી દોહન કરીને ૭૮ પુષ્પો અહીં આપવામાં આવ્યા છે. આ પુષ્પોની સૌરભ મુમુક્ષુના ચિત્તને પ્રસન્ન કરશે.**

**–બ્ર. હ. જૈન**

(૧) દરેક આત્મામાં જીવત્વ નામની શક્તિ છે; આત્માનું ભાન કરીને રાગરહિત સર્વજ્ઞદશા પ્રગટે, ત્યાં પોતાના જ્ઞાન–આનંદ વગેરે નિર્મળ ભાવો સહિત આત્મા સાદિ–અનંત જીવન જીવે છે; તે મંગળ છે. સિદ્ધોનું જીવન મંગળ જીવન છે.

(૨) સર્વજ્ઞસ્વભાવી આત્મા છે, અને તેનું ભાન કરતાં સર્વજ્ઞદશા પ્રગટે છે. એવા સર્વજ્ઞ પરમાત્મા સીમંધરનાથ અત્યારે વિદેહક્ષેત્રમાં બિરાજી રહ્યા છે.

(૩) તે સીમંધર પરમાત્મા સાથે અમારે પૂર્વ ભવમાં સંબંધ હતો, ને અમારા ઉપર તેમનો ઉપકાર છે,–તેથી સોનગઢમાં તેમની સ્થાપના કરી છે.

(૪) કુંદકુંદાચાર્યદેવ અહીંથી બે હજાર વર્ષ પૂર્વે સીમંધર પરમાત્મા પાસે વિદેહમાં પધાર્યા હતા; ને તે વખતે અમે (ગુરુદેવ તથા બહેનોના આત્મા) ત્યાં મોજાુદ હતા, ને કુંદકુંદાચાર્યદેવને સાક્ષાત્ જોયા છે.

(૫) આ રીતે સર્વજ્ઞ ભગવાન પાસેથી જે વાત કુંદકુંદાચાર્યદેવ લાવ્યા, તે જ વાત ભગવાનની સાક્ષીએ કહેવાય છે.

( ૬ ) આત્મા જ્ઞાનસ્વરૂપ છે; તે જ્ઞાનસ્વરૂપ આત્મા ક્રોધાદિ પરભાવનો કર્તા થઈને અટકે–તે સંસાર છે, તે અધર્મ છે.

( ૭ ) જ્ઞાન અને ક્રોધાદિ–એ બંનેની ભિન્નતાના ભાન વડે જ્ઞાનમાંથી ક્રોધાદિનું કર્તૃત્વ છૂટી જાય, ને જ્ઞાનભાવે જ આત્મા પરિણમે તે મોક્ષનું કારણ છે; તે ધર્મ છે.

( ૮ ) સાધકની દશામાં થોડો રાગનો ભાગ દેખાય, પણ એનો આત્મા રાગમાં એકત્વપણે નથી વર્તતો, એ તો જ્ઞાનમાં એકત્વપણે જ વર્તે છે. રાગજ્ઞાનના જ્ઞેયપણે વર્તે છે, પણ જ્ઞાનના કાર્યપણે નહિ. આવું ભેદજ્ઞાન જ્ઞાનીને વર્તે છે.

( ૯ ) ૪૬ વર્ષ પહેલાં ( સં. ૧૯૭૭ માં ) અહીં બોટાદમાં ચોમાસું રહેલ, ત્યારે એક ભાઈએ પૂછેલ કે શ્રીમદ્ રાજચંદ્રને આત્મનું જ્ઞાન હતું તો પછી આ વેપાર–ધંધા કે સ્ત્રી–પુત્ર વગેરે બધું કેમ ? પણ ભાઈ ! જ્ઞાનીનો આત્મા ક્યાં ઊભો છે તેની તને ખબર નથી. જ્ઞાનીની દશા જોતાં તને નથી આવડતું; એટલે એ બધું જ્ઞાની કરતા હોય એમ તને ભ્રમથી દેખાય છે. જ્ઞાની તો જ્ઞાનમાં ઊભા છે, જ્ઞાની રાગમાંય નથી ઊભા, ત્યાં બહારની તો શી વાત ? જ્ઞાનીની દશા રાગથીયે જુદી પરિણમી રહી છે. એ દશા ઓળખવી જગતને કઠણ પડે છે.

( ૧૦ ) જ્ઞાની તો જ્ઞાન અને રાગ–એ બંને વચ્ચે ભેદ દેખે છે; બંનેનું સ્વરૂપ જુદું જાણે છે, એટલે તે રાગમાં એકત્વબુદ્ધિથી નથી વર્તતા પણ રાગના અકર્તા થઈને જ્ઞાનમાં જ તન્મયપણે વર્તે છે.–આનું નામ ભેદજ્ઞાન છે.

( ૧૧ ) અજ્ઞાની રાગ અને જ્ઞાન વચ્ચેના ભેદને જાણતો નથી, એટલે તે તો જ્ઞાનની જેમ રાગનેય પોતાનું કાર્ય માનીને તેમાં એકત્વબુદ્ધિ કરે છે.–આવું અજ્ઞાન તે સંસારનું કારણ છે.

( ૧૨ ) ક્રિયાના ત્રણ પ્રકારઃ એક જ્ઞાન ક્રિયા; બીજી ક્રોધાદિ ક્રિયા; ને ત્રીજી જડની ક્રિયા; જ્ઞાની જ્ઞાનક્રિયાના કર્તા છે, અજ્ઞાની ક્રોધાદિ ક્રિયાનો કર્તા છે; જડની ક્રિયાનો કર્તા કોઈ જીવ નથી.

(૧૩) અજ્ઞાનીને રાગથી ભિન્ન ચૈતન્યક્રિયાની ખબર નથી, એટલે તે રાગાદિ પરભાવની ક્રિયાને નિજસ્વરૂપ માનીને તેના કર્તૃત્વમાં અટકે છે. જ્ઞાન કર્તા ને રાગ તેનું કાર્ય–એવી જે અજ્ઞાનમય કર્તાકર્મની બુદ્ધિ છે. તે મહા દુઃખનું કારણ છે. તેને સંસાર કહો, અધર્મ કહો કે પાપ કહો. તે કેમ છૂટે તેની આ વાત છે.

(૧૪) જ્ઞાન તો આત્માનું નિજસ્વરૂપ છે, ને રાગાદિ તો આસ્રવરૂપ છે, તે આત્માનું નિજસ્વરૂપ નથી.–આમ બંનેની ભિન્નતા આત્મા જ્યારે ઓળખે છે ત્યારે તે જ્ઞાનથી ભિન્ન એવા રાગાદિ પરભાવને પોતાના સ્વરૂપમાં જરાપણ ભેળવતો નથી, પણ જ્ઞાનસ્વરૂપે જ પોતાને અનુભવે છે. એટલે જ્ઞાનમાંથી રાગાદિ પરભાવોનું કર્તૃત્વ છૂટી જાય છે, ને જ્ઞાનના અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે છે.–તેને ધર્મ કહો, મોક્ષનો માર્ગ કહો, કે સુખ કહો.

(૧૫) શુભરાગ અને ચૈતન્યભાવ એ બંને જુદા છે, એટલે શુભરાગ વડે ચૈતન્યભાવ પ્રગટે એવું કારણ–કાર્યપણું તેમને નથી, પણ ચૈતન્યસ્વભાવી આત્માના આશ્રયે જ ચૈતન્યભાવ (સમ્યગ્દર્શનાદિ) પ્રગટે–એવું કારણ–કાર્યપણું છે.

(૧૬) ચૈતન્યની અસ્તિમાં રાગની નાસ્તિ, એવું અસ્તિ–નાસ્તિપણું છે; પણ ચૈતન્યની અસ્તિમાં રાગની પણ અસ્તિ માને તો તેને ચૈતન્યના સાચા અસ્તિત્વની ખબર નથી, અનેકાન્તની ખબર નથી.

(૧૭) રાગ એ કાંઈ જ્ઞાનનું કાર્ય નથી; જો જ્ઞાન રાગને પણ કરવા માંડે તો આત્મા જ્ઞાનરૂપ ન રહે પણ રાગરૂપ થઈ જાય. એ જ રીતે આત્મા જો જડની ક્રિયા કરવા માંડે તો આત્મા જડરૂપ જઈ જાય.–પણ એમ કદી બનતું નથી. જે જીવ જડના કે રાગના કાર્યને પોતાનું માને છે તેને જડથી ભિન્ન ને રાગથી ભિન્ન શુદ્ધ આત્મા અનુભવમાં આવતો નથી, એટલે કે ધર્મ થતો નથી.

(૧૮) જેમ દરિયો અપાર પાણીથી ભરેલો છે ને તેમાં અનેક રત્નો હોય છે, તેમ આ આત્મા ચૈતન્યરસથી ભરપૂર સમુદ્ર છે ને તેમાં સમ્યગ્દર્શન–કેવળજ્ઞાન–આનંદ વગેરે અનંત રત્નો ભરેલા છે;–આવો ચૈતન્યરત્નાકર આત્મા છે. તેનો અપાર મહિમા છે.

(૧૯) પ્રભો! તારા નિધાન અપાર વૈભવથી ભરેલા છે, જે કદી ખૂટે નહિ. અહો, આવી વસ્તુને જાણતાં આત્મા પોતે કેવળજ્ઞાનના ભણકાર કરતો જાગે છે.

(૨૦) ભાઈ, આ તારા પોતાના આત્મ–વૈભવની વાત છે; તે ઝીણી લાગે તોપણ લક્ષમાં લઈને સમજવાનો પ્રયત્ન કરજે. તારો આત્મવૈભવ લક્ષમાં લેતાં તને પરમ આનંદ થશે.

(૨૧) જેમ મધુર મોરલીના નાદે સર્પ ડોલી ઊઠે ને ઝેરને ભૂલી જાય, તેમ સમયસારરૂપી મધુર મોરલીના નાદે આત્માનું સ્વરૂપ બતાવીને સન્તો કહે છે કે અરે જીવ! તું જાગ...તારી આત્મશક્તિને સંભાળ, ને મિથ્યાત્વરૂપી ઝેરને ઉતારી નાખ. જેને જાણતાં વિકારરૂપી ઝેર ઉતરી જાય ને આનંદના અનુભવથી આત્મા ડોલી ઊઠે એવું તારું સ્વરૂપ તને બતાવીએ છીએ.

(૨૨) જ્ઞાન–આનંદસ્વભાવથી ભરેલો આત્મા, તેના અનુભવથી સર્વજ્ઞપદ જેમણે પ્રગટ કર્યું એવા ભગવાન અર્હન્તદેવ, તેમની વાણી ઝીલીને અને આત્મામાં અનુભવીને સન્તોએ તે વાત પ્રસિદ્ધ કરી છે.

(૨૩) આત્માને પરદ્રવ્ય સાથે ને રાગાદિ સાથે કર્તાકર્મની જે મિથ્યાબુદ્ધિ છે તે સંસારનું કારણ છે–એમ સમજાવ્યું. ત્યારે જિજ્ઞાસુ શિષ્ય પૂછે છે કે પ્રભો! અજ્ઞાનથી ઊભી થયેલી એ કર્તાકર્મની મિથ્યાબુદ્ધિ ક્યારે છૂટે? કયા ઉપાયથી એ અજ્ઞાન મટે? તે સમજાવો.

(૨૪) આચાર્યદેવ કહે છે કે જ્યારે જીવને ભેદજ્ઞાન થાય છે ત્યારે એટલે કે હું ચૈતન્યસ્વરૂપ છું ને રાગાદિ પરભાવો ચૈતન્યથી ભિન્ન છે–તે હું નથી એટલે હું તેનો રચનાર નથી–એવું ભિન્નસ્વરૂપનું જ્યારે ભાન છે ત્યારે આત્મા તે પરભાવોને જરાપણ પોતાના કરતો નથી, એટલે અજ્ઞાનજન્ય કર્તાકર્મની બુદ્ધિ છૂટી જાય છે; ને ત્યારે જ્ઞાનભાવને જ કરતો તે આત્મા મોક્ષમાર્ગને સાધે છે.

(૨૫) દરેક વસ્તુ પોતાના સ્વભાવથી ભરેલી હોય છે, તેમ આત્મા પોતાના ચૈતન્યસ્વભાવથી ભરેલો છે. તેનું પોતાના ચૈતન્યભાવરૂપે થવું–પરિણમવું ને રાગાદિરૂપે ન થવું તે ધર્મ છે.

( ૨૬ ) આત્મગુણોનાં મધુર ગીત ગાઈને જિનવાણી માતા આત્માને જગાડે છે. અરે જીવ! તું જાગ ને તારા અનંત ગુણનિધાનને સંભાળ.

( ૨૭ ) જેમ જળમાં તેલનો અંદર પ્રવેશ નથી, તે ઉપર ને ઉપર જ તરે છે; તેમ આત્માના શુદ્ધ ચૈતન્યજળમાં રાગાદિ ચીકણા પરભાવો અંદર પ્રવેશતા નથી, પણ બહાર જ રહે છે. માટે તેનાથી ભિન્ન તારા ચૈતન્યતત્ત્વને દેખ.

( ૨૮ ) ભગવાન! તારા આવા ચૈતન્યતત્ત્વની પ્રીતિ તેં કદી કરી નથી, ને તેની વાત પણ પ્રીતિથી સાંભળી નથી. પરભાવની પ્રીતિ કરી છે. એકવાર આત્માની પ્રીતિ કરીને તેનું શ્રવણ કર, તો અપૂર્વ લાભ થાય.

( ૨૯ ) પાંચલાખની મૂડી હોવા છતાં કોઈ પચીસ લાખ કહે તો ત્યાં લક્ષ્મીની અધિકતા ગમે છે, તેથી તેની ના નથી કહેતો. અહીં સન્તો ચૈતન્યલક્ષ્મીની અધિકતા બતાવે છે કે ભાઈ, તારો આત્મા રાગ જેટલો કે અલ્પજ્ઞાન જેટલો નથી, પણ અનંત જ્ઞાન–આનંદરૂપ ચૈતન્યલક્ષ્મીનો ભંડાર તારામાં ભર્યો છે.–એમ તારા ચૈતન્યની અધિકતા જાણ, તો તને પરનો પ્રેમ ઊડી જશે.

( ૩૦ ) આત્મા કેટલો?–કે જેટલું જ્ઞાનનું પરિણમન છે તેટલો જ આત્મા છે; રાગાદિ પરભાવનું પરિણમન તે ખરેખર આત્મા નથી.

( ૩૧ ) સ્વનું ભવન તે સ્વભાવ છે; આત્માનું ‘સ્વ’ તો જ્ઞાન છે. તે જ્ઞાનનું રાગથી ભિન્નરૂપે પરિણમવું–તે આત્માનો ધર્મ છે, તેમાં સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર સમાઈ જાય છે.

( ૩૨ ) જેને જ્ઞાનની પ્રીતિ છે તેને રાગાદિની પ્રીતિ હોતી નથી, એટલે તેનું જ્ઞાન જ્ઞાનમાં જ તન્મયપણે પરિણમે છે ને રાગમાં તન્મય થતું નથી.–આનું નામ ભેદજ્ઞાન.

( ૩૩ ) અજ્ઞાની રાગ પરિણમનને જ દેખે છે, રાગથી ભિન્ન જ્ઞાનનું પરિણમન તેને દેખાતું નથી, એટલે અજ્ઞાનભાવે તે રાગાદિના કર્તાપણે જ પરિણમે છે.

( ૩૪ ) તે કર્તૃત્વ છૂટવાનો ઉપાય ભેદજ્ઞાન છે. આવા ભેદજ્ઞાનનો અભ્યાસ તે મુમુક્ષુનું પ્રથમ કર્તવ્ય છે.

[ વિશેષ માટે જુઓ, પાનું ૨૫ ]

# ગુરુદેવની સાથે સાથે

(ગતાંકથી ચાલુ)

## કલકત્તાથી........બોટાદ

તીર્થરાજ સમ્મેદશિખરજીની યાત્રા બાદ રાંચી, ધનબાદ વગેરે થઈને કલકત્તા ચાર દિવસ રહ્યા. કલકત્તાથી તા. ૯ સાંજે ચિન્સૂરા આવ્યા ને બીજે દિવસે ધનબાદ આવ્યા. થાકને કારણે ગુરુદેવની તબીયત જરા અસ્વસ્થ હોવાથી ધનબાદ બે દિવસ રહ્યા તથા બે દિવસ ઈસરી રહ્યા. તીર્થરાજની તળેટીના ઉપશાંત વાતાવરણમાં સન્મુખ જ શિખરજીના દર્શનથી આનંદ થતો હતો, ફરીફરીને તીર્થરાજની યાત્રા કરવાની ભક્તોની ભાવના પૂરી થતી હતી. તીર્થરાજના પ્રસન્નકારી વાતાવરણમાં બે દિવસ રહેતાં ગુરુદેવની તબીયત સ્વસ્થ થઈ ગઈ, (ચાર દિવસ દરમિયાન ગયા શહેર, ફત્તેહપુર, મૈનપુરી વગેરેના જે કાર્યક્રમ હતા ત્યાં ગુરુદેવ પધારી શક્યા ન હતા. ગયા શહેરમાં તો પાંચ હાથી વગેરે ઠાઠમાઠ સહિત ભવ્ય સ્વાગતની તૈયારી હતી.) ઈસરીથી ટ્રેઈનદ્વારા કલકત્તા, ત્યાંથી વિમાન દ્વારા આગ્રા થઈને, તા. ૧૫ એપ્રીલ (ચૈત્રસુદ પાંચમ) ના રોજ ગુરુદેવ ફિરોઝાબાદ પધાર્યા. સંઘના યાત્રિકો કલકત્તાથી ઈસરી, ગયા શહેર, બનારસ, અયોધ્યા તીર્થ વગેરે થઈને ફિરોઝાબાદ આવી ગયા હતા; ગુરુદેવ પધારતાં ફિરોઝાબાદના સમાજે તથા યાત્રાસંઘે સ્વાગત કર્યું. શ્રીમાન છદામીલાલજી શેઠે ગુરુદેવ પધારતાં ઉત્સાહ બતાવ્યો હતો. તેમણે લગભગ વીસ લાખ રૂા. ના ખર્ચે ભવ્ય જિનાલય માનસ્તંભ વગેરે કરાવેલ છે. માનસ્તંભની કારીગરી સોનગઢના માનસ્તંભને અનુસરતી છે.–આ જૈન નગરમાં ગુરુદેવનો તથા સંઘનો ઉતારો હતો ને ઉત્તમ વ્યવસ્થા હતી. જિનમંદિરમાં મહાવીરભગવાનના મોટા પ્રતિમાજી કમળ ઉપર શોભી રહ્યા છે. બીજે દિવસે (તા. ૧૬) બુલંદશહેર આવ્યા; થોડા ઘર છતાં બુલંદ અવાજે ઉત્સાહથી સ્વાગત કર્યું, ને પ્રવચન, ભક્તિ તેમજ તત્ત્વચર્ચાના કાર્યક્રમોમાં ઉલ્લાસથી ભાગ લીધો; ગુરુદેવને અભિનંદન–પત્ર આપ્યું. આસપાસના ગામેથી પણ સેંકડો લોકો આવ્યા હતા. તા. ૧૭ની સવારે બુલંદશહેરથી નીકળીને દિલ્હી તરફ આવતાં વચ્ચે ગાઝિયાબાદ તથા શહાદરા જિનમંદિરે દર્શન કર્યા. અહિંસા મંદિરમાં પણ જઈ આવ્યા. પાટનગર દિલ્હી શહેરમાં ઉલ્લાસકારી ભવ્ય સ્વાગત (બે હાથી વગેરે સહિત) થયું. શાંતિપ્રસાદજી શાહુ સ્વાગતાધ્યક્ષ હતા; તેમણે બાલિકાઓના સ્વાગતગીત

બાદ ટૂંકું પ્રવચન કરીને ગુરુદેવના પ્રભાવની પ્રશંસા કરી હતી ને પ્રેમ વ્યક્ત કર્યો હતો. તે ઉપરાંત શ્રી અક્ષયકુમારજી જૈને પણ ઉપાધ્યક્ષ તરીકે સ્વાગત–પ્રવચન કર્યું હતું. પ્રવચનમાં કર્તાકર્મ અધિકાર વંચાતો હતો ને લાલ કિલ્લા સામે લાલ મંદિરની બાજુમાં પ્રવચન–મંડપમાં ચાર–પાંચ હજાર શ્રોતાજનો શ્રવણ કરતા હતા.

પ્રથમ દિવસે રાત્રે શેઠ શાંતિપ્રસાદજી શાહુ ગુરુદેવ પાસે આવેલ, ને ભક્તિપૂર્વક તત્ત્વચર્ચા કરી હતી, આત્માને શાંતિ કેમ મળે તે જિજ્ઞાસાપૂર્વક પૂછતા હતા. તથા ગુરુદેવને પોતાને ત્યાં ઉતરવા માટે વિંનતિ કરી હતી; તેથી ગુરુદેવ તેમને ત્યાં પધાર્યા હતા. રાત્રે ચર્ચા થઈ હતી. લાલમંદિરમાં સાંજે ભક્તિ થઈ હતી. તા. ૧૯ના રોજ સવારે પ્રવચન પછી શ્રી જિનેન્દ્ર ભગવાનની ભવ્ય ઉલ્લાસકારી રથયાત્રા નીકળી હતી; સફેદ અશ્વો સહિત સોનેરી રથ અનેકવિધ કારીગરીથી શોભતો હતો, ને ભગવાન જિનેન્દ્રદેવના રથના સારથિ તરીકે ગુરુદેવ બેઠા હતા. ઘણા ઉલ્લાસ અને ભક્તિપૂર્વક રથયાત્રા લાલમંદિરથી શરૂ થઈને વૈઝવાડા–મંદિરે આવી હતી. બપોરે સમન્તભદ્ર–વિદ્યાલયમાં ગયા હતા; ત્યાં વિદ્યાનંદજી મહારાજ સાથે મુલાકાત થઈ હતી ને વાત્સલ્યપૂર્વક અનેકવિધ ચર્ચા થઈ હતી; આથી સૌને વિશેષ પ્રસન્નતા થઈ હતી. શ્રી વિદ્યાનંદજી મહારાજ બપોરે પ્રવચન વખતે પણ મંડપમાં ઉપસ્થિત હતા; ને પ્રવચન પછી વીસ મિનિટના પ્રવચનમાં પ્રસન્નતા વ્યક્ત કરી હતી તથા જૈન સમાજમાં શાંતિ વધે એવી પ્રેરણા કરી હતી. ત્યારબાદ વિદ્યાનંદજી મહારાજના આદેશપૂર્વક શ્રી શાંતિપ્રસાદજી શાહુએ દિલ્હી જૈનસમાજ તરફથી ગુરુદેવને અભિનંદન–પત્ર અર્પણ કર્યું હતું.

આમ દિલ્હીનો ત્રણ દિવસનો કાર્યક્રમ આનંદપૂર્વક ચાલ્યો હતો, દિલ્હીના ગૌરવને શોભે એવો ગુરુદેવનો પ્રભાવ હતો. દિલ્હીમાં લગભગ પચીસ જેટલાં જિનમંદિરો છે, તેમાંથી અનેક મંદિરોના દર્શન યાત્રિકોએ કર્યા. તા. ૧૯ ની સાંજે યાત્રાસંઘે દિલ્હીથી મથુરા તીર્થધામમાં પ્રસ્થાન કર્યું.

તા. ૨૦ ( ચૈત્ર સુદ ૧૧ ) ના રોજ સવારમાં દિલ્હીથી પ્રસ્થાન કરીને ગુરુદેવ મથુરા પધાર્યા; મથુરા એ અંતિમ કેવળી ભગવાન જંબુસ્વામીનું મોક્ષધામ છે; તથા ચોથાકાળમાં ભગવાન રામચંદ્રજીના વખતમાં શ્રી મનુ આદિ સસર્ષિ શ્રુતકેવળી ભગવંતોના પુનિત ચરણોથી પાવન થયેલું તીર્થધામ છે. આસપાસની ભૂમિમાંથી

પ્રાચીન પ્રતિમા વગેરે નીકળી છે. આવા ધામમાં આવતાંવેંત ગુરુદેવ જંબુસ્વામીના ચરણે ભક્તિથી સ્પર્શ્યા, સપ્તર્ષિમુનિભગવંતોના દર્શન કર્યા; જંબુસ્વામીના પ્રતિમાજીના પણ દર્શન કર્યા, તથા ભક્તિપૂર્વક પૂ. બેનશ્રી બેને જંબુસ્વામી વગેરેની પૂજા કરાવી. ધન્ય તે વૈરાગી જંબુસ્વામી–કે જેમણે લગ્નના બીજા જ દિવસે ચાર સ્ત્રીઓને છોડીને મુનિદીક્ષા ધારણ કરી. અજિતનાથ વગેરે અનેક જિનભગવંતોના પણ દર્શન કર્યા; ત્યારબાદ જિનમંદિરના ચોકમાં સિદ્ધભગવાનશ્રી જંબુસ્વામીનું સ્મરણ કરીને ગુરુદેવે ભાવભીનું મંગલ કર્યું; તેમાં કહ્યું કે પ્રભો! આપ તો આ ભરત ક્ષેત્રના છેલ્લા સર્વજ્ઞ છો ને અત્યારે સિદ્ધાલયમાં (અહીંથી ઉપર સમશ્રેણીએ) બિરાજી રહ્યા છો. પ્રભો, આપ સર્વજ્ઞ છો, અમે તો આપના બાળક છીએ, અમારું જ્ઞાન અલ્પ છે, પણ અમારા જ્ઞાનમાં આપને બિરાજમાન કરીને અમે પણ સિદ્ધપદને સાધીએ છીએ. મથુરા શહેરમાં તથા આસપાસમાં છ–સાત જિનમંદિરો છે. જંબુસ્વામીવાળા મંદિરની સન્મુખ માનસ્થંભ પણ તૈયાર થઈ ગયો છે. ગોકુળ અને વૃંદાવન જેવા પ્રસિદ્ધ સ્થાનો પણ આસપાસમાં જ છે. સંઘના ભોજનની વ્યવસ્થા સૌ. વિમલાબેન ભગવાનદાસ (વછરાજજી શેઠના પુત્રી) તરફથી તેમના ઘેર થઈ હતી. જંબુસ્વામીના નિર્વાણધામની ને મુનિવરોના ધામની યાત્રા કરતાં આનંદ થતો હતો. બપોરે સ. ગા. ૬ ઉપર પ્રવચન થયું હતું. તથા રાત્રે પૂ. બેનશ્રી બેને વૈરાગી જંબુસ્વામી તેમજ સપ્તર્ષિમુનિભગવંતોની ભાવભીની ભક્તિ કરાવી હતી. સંઘે રાત્રે આગ્રા પ્રસ્થાન કર્યું. ગુરુદેવ બીજે દિવસે સવારમાં ભાવપૂર્વક જંબુસ્વામી વગેરેના દર્શન કરીને મથુરાથી આગ્રા પધાર્યા; મહાવીર જૈન કોલેજમાં જિનમંદિરમાં દર્શન કર્યા ત્યારબાદ સ્વાગત થયું, તેમાં આગ્રાની જનતાએ ઉત્સાહથી ભાગ લીધો હતો. આગ્રા નગરમાં ત્રીસ જેટલા જિનમંદિરો છે. બીજે દિવસે ચૈત્ર સુદ તેરસનો મહાવીર–જન્મોત્સવ હતો. સવારમાં એક ભવ્ય જુલુસ નીકળ્યું; ખાસ મંડપમાં ગુરુદેવનું પ્રવચન થયું હતું, જેમાં મહાવીર ભગવાનના અંતરંગ જીવનનું સ્વરૂપ ગુરુદેવે સમજાવ્યું હતું. રાત્રે જિનેન્દ્ર દેવની ભક્તિ થઈ હતી. બીજે દિવસે સવારમાં આગ્રાથી પ્રસ્થાન કરીને જયપુર પધાર્યા હતા, થાક અને વિશેષ ગરમીના કારણે ગુરુદેવની તબીયત જરા અસ્વસ્થ હોવાથી આરામ માટે ચાર દિવસ જયપુર રોકાયા હતા. આથી અજમેર, ચિતોડ, કુણ અને ભીંડરના કાર્યક્રમો રદ કરવા પડયા હતા. તા. ૨૭ના રોજ જયપુરથી સીધા ઉદેપુર એરોપ્લેન દ્વારા આવ્યા હતા, ને ઉદયપુરથી ૧૨ માઈલ દૂર ડબોક ગામે શાંત વાતાવરણમાં એક દિવસ આરામ કર્યો હતો, તથા ત્યાંના જુના જિનમંદિરમાં

દર્શન કર્યા હતા. (કુણ ગામમાં વેદી–પ્રતિષ્ઠા–મહોત્સવ થયો હતો; તે પ્રસંગે ગુરુદેવના દર્શન માટે હજારો લોકો એકઠા થયા હતા, પણ ગુરુદેવ પધારી શક્યા ન હતા. એ જ રીતે અજમેરમાં પણ ભવ્ય સ્વાગતની તૈયારીઓ હતી) તા. ૨૮ (ચૈત્ર વદ પાંચમ) ના રોજ ભવ્ય સ્વાગતપૂર્વક ગુરુદેવે ઉદયપુર શહેરમાં પ્રવેશ કર્યો. પ્રતિષ્ઠા માટેના મંડપમાં ત્રણ–ચાર હજાર માણસોની મેદનીમાં, આત્માનું જીવન બતાવીને અપૂર્વ માંગળિક કર્યું, ઉદયપુર શહેરના મધ્ય ચોકમાં મુમુક્ષુ ભાઈઓ તરફથી નવું જિનમંદિર બંધાયુ છે, તેમાં ચંદ્રપ્રભુ વગેરે ભગવંતોની વેદી–પ્રતિષ્ઠાનો ઉત્સવ ઉજવાયો હતો. આસપાસના અનેક ગામોથી પણ ઘણા લોકો ઉત્સવમાં આવ્યા હતા, જાણે મેવાડી ને ગુજરાતી બંધુઓનું ધાર્મિક સંમેલન હતું. રાણા પ્રતાપની આ ઉદયપુર નગરી રળિયામણી છે, ને કુદરતી સૌન્દર્યથી શોભી રહી છે. જૈનધર્મનું પ્રાચીન ગૌરવ હજી પણ નજરે પડે છે. અહીંના એક મંદિરમાં સમ્મેદશિખરજી પર્વતની સુંદર આરસની રચના છે. બીજા પણ દશેક જિનમંદિરો છે. વેદીપ્રતિષ્ઠામાં શાંતિજાપ, જિનબિંબ સ્થાપના, ઝંડારોપણ, પૂજનવિધાન, ઇન્દ્રોની સ્થાપના, વેદીકળશ–ધ્વજશુદ્ધિ, જલયાત્રા વગેરે બધી વિધિ ઉત્સાહપૂર્વક થઈ હતી. ગુરુદેવનો ઉતારો ઉદાસીન આશ્રમની સામેના એક મકાનમાં હતો. ચૈત્ર વદ છઠ્ઠની સાંજે લક્કડવાસ ગામની પાઠશાળાની બાળાઓએ સંવાદ દ્વારા તત્ત્વચર્ચા કરી હતી. અહીં નાની બાળાઓને પણ છહઢાળા વગેરે મોઢે હતું. આ વખતે એમ થતું હતું કે જૈનબાળકોમાં ધાર્મિક સંસ્કારો આપવા માટે જેટલી જરૂર જિનમંદિરની છે એટલી જ જરૂર જૈન પાઠશાળાની છે. આ પ્રત્યે ઘણું વિશેષ લક્ષ આપવાની જરૂર છે. ઉદયપુરમાં બંને વખત નિયમિતપણે ગુરુદેવના પ્રવચન ચાલતા હતા. ચૈત્ર વદ ૮, તા. ૧–૫–૬૭ ના રોજ સવારમાં જિનમંદિરમાં શ્રી જિનેન્દ્ર ભગવંતોની મંગલપ્રતિષ્ઠા ઘણા આનંદોલ્લાસપૂર્વક થઈ. મૂળનાયક ભગવાન ચન્દ્રપ્રભુ સ્વામીની પ્રતિમાના સ્થાપનની ઉછામણી જયપુરના શેઠ શ્રી પૂરણચંદજી ગોદિકાએ રૂા. પંદર હજાર ને એકમાં લીધી હતી.

સ્વસ્તિક વગેરે કર્યા બાદ ઘણા ભાવપૂર્વક ગુરુદેવે સ્વહસ્તે જિનેન્દ્ર ભગવંતોને વેદી પર બિરાજમાન કર્યા હતા. ઉદયપુરની જનતાને ઘણો જ ઉલ્લાસ હતો. પાંચ હજાર કરતાં વધુ મેદની ઉત્સવ જોવા ઊભરાણી હતી. ચંદ્રપ્રભુસ્વામીની આસપાસ શ્રી નેમિનાથપ્રભુ તથા મહાવીરપ્રભુ બિરાજમાન છે. તથા શાંતિનાથપ્રભુ અને સિદ્ધપ્રભુ

બિરાજે છે. કળશ તથા ધ્વજારોહણ પણ હર્ષથી થયું. તથા જિનવાણી સમયસારની પણ સ્થાપના થઈ. આમ ગુરુદેવના પ્રતાપે મેવાડમાં રાણા પ્રતાપની રાજધાનીમાં જિનેન્દ્રભગવંતોની પ્રતિષ્ઠા થઈ, તે દેખીને અનેક ભક્તો ભક્તિથી નાચી ઊઠયા હતા.

જિનેન્દ્રપ્રતિષ્ઠા પછી ગુરુદેવના મંગલ–પ્રવચન બાદ શ્રી જિનેન્દ્રભગવાનની ભવ્ય રથયાત્રા નીકળી હતી. આ રથયાત્રા માટે અજમેરથી એક ખાસ રથ મંગાવવામાં આવ્યો હતો; આ રથ ૮૦ વર્ષ પહેલાં ૮૦, ૦૦૦ રૂા. માં તૈયાર થયો હતો, અત્યારે ૪–૫ લાખ રૂા. થાય એવો સુંદર ને ભવ્ય સોનેરી રથ હતો. રથમાં આગળ અંબાડી સહિત બે હાથી તથા બે સફેદ અશ્વ ( પ્લાસ્ટરના ) ઘણા સુશોભિત હતા, ને સોનેરી કારીગરીથી શોભતા રથમાં વચ્ચે જિનેન્દ્રદેવ બિરાજતા હતા, બંને બાજુ ચામર ઢળતા હતા. રથના સારથિ તરીકે ગુરુદેવ બેઠા હતા. આ ઉપરાંત આગળ હાથી, અજમેર–મંડળી, બેન્ડવાજાં વગેરે અનેક ઠાઠમાઠથી રથયાત્રા શોભતી હતી. રથયાત્રા લગભગ ત્રણ કલાક સુધી શહેરમાં ફરી હતી, ને આવી ઉલ્લાસકારી રથયાત્રા દેખીને ઉદયપુરના નગરજનો આશ્ચર્ય પામતા હતા. આ રીતે ઉદયપુરના મુમુક્ષુ મંડળે આનંદ અને ઉત્સાહપૂર્વક ગુરુદેવની મંગળછાયામાં શ્રી જિનેન્દ્ર ભગવાનની પ્રતિષ્ઠાનો ઉત્સવ કર્યો હતો. જિનેન્દ્ર ભગવંતોની ભાવભીની પ્રતિષ્ઠા કરીને બીજે દિવસે ( તા. ૨ ) સવારમાં ઉદયપુરથી બામણવાડા તરફ પ્રસ્થાન કર્યું.

વચ્ચે, ઉદયપુરથી ૪૦ માઈલ પર કેસરીયાજીમાં મંદિરમાં દર્શન કર્યા ને પછી થોડીવારમાં ગુજરાતમાં પ્રવેશ કર્યો; –પ્રવેશતાંવેંત લખ્યું હતું કે ‘ગુજરાત આપનું સ્વાગત કરે છે.’ બામણવાડા પહોંચતાં ગુજરાતના ભાઈઓએ તેમ જ ગામની જનતાએ ઉત્સાહથી સ્વાગત કર્યું. શરૂમાં જ ચૈત્યાલયમાં ભગવાન પાર્શ્વનાથપ્રભુનાં દર્શન કર્યા...ને માંગળિક પ્રવચન કર્યું. બામણવાડા જોકે નાનું ગામ છે પણ અહીંના ભાઈશ્રી ચંદુભાઈએ ઉત્સાહપૂર્વક બધી વ્યવસ્થા કરી હતી ને ગુજરાતના સેંકડો ભાઈઓ પણ આવ્યા હતા. બપોરે પણ આખા ગામની જનતા પ્રવચન સાંભળવા ઉમટી હતી ને ગુરુદેવે પણ દેશી ગુજરાતી ભાષામાં પ્રસન્નતાપૂર્વક ભાવભીનું પ્રવચન કર્યું હતું. લગભગ બે માસ બાદ મીઠી ગુજરાતી ભાષામાં ગુરુદેવના પ્રવચનનો પ્રવાહ મુક્તપણે વહેતો હતો, ને ગ્રામ્યજનતા પણ સમજે એવી સુગમ શૈલીથી પ્રવચન થયું હતું. પ્રવચન બાદ અહીંના ચૈત્યાલયમાં પૂ. બેનશ્રી–બેને ભક્તિ કરાવી હતી.–આ

રીતે રાજસ્થાન–બિહાર–બંગાળ વગેરે પ્રદેશોની યાત્રા બાદ આજે પુનઃ ગુજરાત–પ્રવેશનો જાણે ઉત્સવ થતો હોય !–એવું વાતાવરણ હતું.

બીજા દિવસે સવારમાં ગુરુદેવ ગુજરાતના પાટનગર અમદાવાદ શહેરમાં પધાર્યા. અને ત્યાંથી ચૈત્ર વદ દશમ ( તા. ૪ ) ના રોજ બોટાદ શહેરમાં પધાર્યા...જન્મ–જયંતી ઉત્સવનિમિત્તે ગુરુદેવ પધારતા હોવાથી બોટાદમાં ઉત્સાહભર્યું ભવ્ય સ્વાગત થયું... મંગળમાં ગુરુદેવે આત્માનું આનંદમય જીવન બતાવ્યું. આત્માને ઓળખતાં પોતાની જીવત્વ શક્તિની તાકાતથી આત્મા આનંદમય જીવન જીવે છે–તે જીવન માંગળિક છે, બોટાદનું જિનમંદિર ઊંચું અને વિશાળ છે, મૂળનાયક શ્રેયાંસનાથ ભગવાન, તથા ઉપર નેમિનાથ ભગવાન વગેરે અનેક જિનભગવંતો બિરાજે છે; જિનમંદિર તેમ જ નગરી અનેક સુશોભનો વડે શોભે છે અને ગુરુદેવના જન્મોત્સવની ઉત્સાહભરી તૈયારી ચાલી રહી છે.

卐

## एक पिता अपने पुत्रोंको सीख देता है-

लौकिक योग्यता एवं सज्जनताके उपरान्त, भगवान अर्हन्तदेव द्वारा उपदिष्ट रत्नत्रयधर्मको कभी मत भूलो! शास्त्रज्ञकी संगति करो। रत्नत्रयसे भूषित सज्जनोंका आदर व समागम करो। मुनि-आर्यिका -श्रावक-श्राविका ऐसे चतुर्विध संघकी जब जब अवसर मिले तब आदरपूर्वक वन्दना करो.....और रत्नत्रयके सेवनमें सदैव तत्पर रहो।

# ભગવાન ઋષભદેવ

## તેમની આત્મિક-આરાધનાની પવિત્ર કથા

ભગવત્ જિનસેનસ્વામી રચિત મહાપુરાણના આધારેઃ લે. બ્ર. હરિલાલ જૈન

[ લેખાંક-૧૩ ]

[ ભગવાન ઋષભદેવના દશ ભવની આ ઉત્તમ કથા લગભગ આવતા અંકે પૂરી થશે. આ પૂરી કથા પુસ્તકરૂપે સુંદર ચિત્રો સહિત છપાઈ ગઈ છે. એ પુસ્તકનું નામ છે–ભગવાન ઋષભદેવ. ભગવાન ઋષભદેવનો આત્મા મહાબલરાજાના ભવમાં તેના મંત્રીદ્વારા જૈનધર્મના સંસ્કાર પામ્યો, પછી દેવ થઈને વજ્રજંઘ રાજા થયો, ત્યાં મુનિરાજને ભક્તિપૂર્વક આહારદાન કરીને ભોગભૂમિમાં અવતર્યો, ને પ્રીતિકર મુનિરાજના ઉપદેશથી સમ્યક્ત્વ પામ્યો. ત્યાંથી સ્વર્ગમાં જઈને પછી સુવિધિરાજા થયા. ફરી સ્વર્ગમાં જઈને પછી વજ્રનાભિ ચક્રવર્તી થયા ને તીર્થંકરપ્રકૃતિ બાંધી. ત્યાંથી સર્વાર્થસિદ્ધિમાં ગયા...ને પછી ઋષભ અવતાર થયો. ઇન્દ્રોએ ગર્ભકલ્યાણક તથા જન્મકલ્યાણક કર્યા. રાજ વ્યવસ્થા વગેરે દ્વારા પ્રજાપાલન કરીને પછી સંસારથી વિરક્ત થઈને મુનિ થયા. એક વર્ષ સુધી તપશ્ચર્યા બાદ શ્રેયાંસકુમારના હાથે શેરડીના રસવડે પારણું કર્યું. અહીં સુધી આપણી કથા પહોંચી છે. ]

– * –

આ રીતે ઋષભમુનિરાજને પહેલવહેલું આહારદાન કરીને તેમણે આ ચોવીસીમાં દાનતીર્થની શરૂઆત કરી. તેમણે નવપ્રકારની ભક્તિ અને શ્રદ્ધા વગેરે સાત ગુણો સહિત દાન દીધું હતું. મોક્ષના સાધક ધર્માત્માના ગુણો પ્રત્યે આદરપૂર્વક, શ્રદ્ધાપૂર્વક, જે દાતા ઉત્તમ દાન દે છે તે મોક્ષપ્રાપ્તિ માટે તત્પર થાય છે. અતિશય ઇષ્ટ તથા સર્વોત્તમ પાત્ર એવા ભગવાનને શ્રેયાંસકુમારે પૂર્વના સંસ્કારથી પ્રેરિત થઈને નવધાભક્તિથી પ્રાસુક આહારનું દાન દીધું હતું. ભગવાન ઋષભમુનિરાજ ઊભા ઊભા પોતાના હાથમાં (કરપાત્રમાં) જ ભોજન કરતા હતા. જે તત્કાળના જન્મેલા બાળક જેવું નિર્વિકાર છે, સાધારણ મનુષ્ય જેને ધારણ કરી શકતા નથી, જે હિંસાદિથી રહિત છે અને નિર્વાણનું કારણ છે એવા દિગંબરરૂપને ભગવાન ધારણ કરતા હતા. તેઓ જ્ઞાનદાન દેવા સમર્થ હતા, ને આહારદાન દેનારને શીઘ્ર સંસારસાગરથી પાર કરનારા હતા. મોક્ષમાર્ગનો ઉપદેશ દેનારા ભગવાનના બે હાથની અંજલિમાં શ્રેયાંસકુમાર વગેરેએ શેરડીના પ્રાસુક રસનું (ઇક્ષુરસનું) દાન દીધું. એ દિવસ હતો–વૈશાખ સુદ ત્રીજ.

એ વખતે આકાશમાંથી દેવો રત્નવૃષ્ટિ કરવા લાગ્યા, પુષ્પવૃષ્ટિ કરવા લાગ્યા; દેવોનાં નગારા ગંભીર નાદથી ગાજવા લાગ્યા, સુગંધી વાયુ વહેવા લાગ્યો ને દેવો હર્ષિત થઈને "ધન્ય દાન...ધન્ય પાત્ર...ને ધન્ય દાતા..." એવી આકાશવાણી કરવા લાગ્યા. અહા, દાનની અનુમોદના કરવાથી પણ ઘણા લોકો મહાનપુણ્યને પામ્યા.

અહીં કોઈ આશંકા કરે કે માત્ર અનુમોદના કરવાથી પુણ્યની પ્રાપ્તિ કઈ રીતે થાય? તો તેનું સમાધાન એ છે કે પુણ્ય અને પાપનું બંધન થવામાં એકલા જીવના પરિણામ જ કારણ છે, બાહ્યકારણોને તો જિનેન્દ્રદેવે ફક્ત 'કારણનું કારણ (એટલે કે નિમિત્ત) કહ્યું છે. જ્યારે પુણ્યના સાધન તરીકે જીવોના શુભ પરિણામ જ પ્રધાનકારણ છે ત્યારે શુભકાર્યની અનુમોદના કરનાર જીવોને પણ તે શુભફળની પ્રાપ્તિ જરૂર થાય છે.

કૃતકૃત્ય એવા ભગવાન પોતાના આંગણે પધારવાથી અને તેમને આહારદાન કરવાથી બંને ભાઈઓ પરમ હર્ષથી પોતાને કૃતકૃત્ય માનવા લાગ્યા. એ રીતે મુનિઓના આહારની વિધિ પ્રસિદ્ધ કરીને, અને બંને ભાઈઓને હર્ષિત કરીને ભગવાન પુનઃ વન તરફ ચાલ્યા ગયા. કેટલેક દૂર સુધી બંને ભાઈઓ ભક્તિભીનાં ચિત્તે ભગવાનની પાછળ ગયા, ને પછી રોકાતા રોકાતા પાછા ફર્યા; ક્ષણે ક્ષણે પોતાનું મુખ પાછું વાળીને તેઓ બંને, નિરપેક્ષપણે વનમાં જઈ રહેલા ભગવાનને ફરીફરીને દેખતા હતા. દૂર દૂર જઈ રહેલા ભગવાન જ્યાંસુધી દેખાયા ત્યાંસુધી ભગવાન તરફ લાગેલી પોતાની નજરને તથા ચિત્તવૃત્તિને તેઓ પાછી ખેંચી શક્યા નહીં. તેઓ વારંવાર ભગવાનની કથા તથા તેમના ગુણની સ્તુતિ કરતા હતા; ને પૃથ્વીપર પડેલા ભગવાનના ચરણ–ચિહ્નને (પગલાંને) વારંવાર પ્રેમથી નિહાળીને નમસ્કાર કરતા હતા. નગરજનો આ બે ભાઈને દેખીને કહેતા કે રાજા સોમપ્રભ મહાભાગ્યવાન છે કે જેમને આવો ઉત્તમ ભાઈ મળ્યો છે. રત્નવૃષ્ટિથી ચારેકોર વેરવિખેર પડેલા રત્નોને નગરજનો એકઠા કરતા હતા. રત્નોરૂપી પાષાણના ઢગલાથી જે ઊંચુંનીચું થઈ ગયું હતું એવા રાજ–આંગણને મુશ્કેલીથી ઓળંગીને બંને ભાઈઓ રાજમહેલમાં આવ્યા.

ભગવાન ૠષભદેવને પારણું કરાવવાથી શ્રેયાંસકુમારનો યશ સમસ્ત જગતમાં પ્રસરી ગયો. મુનિને દાન દેવાની વિધિ સૌથી પહેલાં શ્રેયાંસકુમારે જાણી હતી, ને ત્યારથી દાનમાર્ગ શરૂ થયો. દાનની આવી વિધિ જાણીને રાજા ભરત વગેરેને મહાન આશ્ચર્ય થયું; આશ્ચર્યથી તેઓ વિચારવા લાગ્યા કે મૌન ધારણ કરનારા ભગવાનનો અભિપ્રાય તેણે કેવી રીતે જાણી લીધો? દેવોએ પણ આશ્ચર્ય પામી શ્રેયાંસકુમારનું સન્માન કર્યું. મહારાજા ભરતે પોતે શ્રેયાંસકુમારને ત્યાં આવીને તેનો આદર

કર્યો ને અતિશય હર્ષ વ્યક્ત કરતાં પૂછયું કે હે મહાદાનપતિ! કહો તો ખરા કે ભગવાનના મનની આ વાત તમે કેવી રીતે જાણી? આ ભરતક્ષેત્રમાં પહેલાં કદી નહિ દેખેલી એવી આ દાનની વિધિને તમે ન બતાવી હોત તો કોણ જાણી શકત? હે કુરુરાજ! આજ તમે અમારા માટે ભગવાનસમાન પૂજ્ય બન્યા છો. તમે દાનતીર્થના પ્રવર્તક છો, મહાપુણ્યવાન છો, આ દાનની બધી વાત અમને કહો.

શ્રેયાંસકુમાર કહે છેઃ હે રાજન્! આ બધુ મેં ભગવાન સાથેના પૂર્વભવના સ્મરણથી જાણ્યું છે. જેમ રોગ દૂર કરનારી ઉત્તમ ઔષધિ પામીને રોગી મનુષ્ય પ્રસન્ન થાય, ને તરસ્યો માનવી પાણીથી ભરેલું સરોવર દેખીને પ્રસન્ન થાય, તેમ ભગવાનના ઉત્કૃષ્ટ રૂપને દેખીને હું અતિશય પ્રસન્ન થયો, ને તે કારણે મને જાતિસ્મરણ થયું, એટલે મેં ભગવાનનો અભિપ્રાય જાણી લીધો. પૂર્વે આઠમા ભવમાં જ્યારે ભગવાન વજ્રજંઘ રાજા હતા ત્યારે વિદેહક્ષેત્રની પુંડરીકિણી નગરીમાં હું તેમની શ્રીમતી નામની રાણી હતી, અને ત્યારે ભગવાનની સાથે મેં પણ બે ચારણમુનિઓને ભક્તિથી આહારદાન દીધું હતું; તેના સંસ્કાર યાદ આવતાં આજે પણ મેં એ જ વિધિથી ભગવાનને આહારદાન દીધું. વિશુદ્ધતા સહિત મુનિવરોને દાન દેવાનો પ્રસંગ મહાન ભાગ્યથી પ્રાપ્ત થાય છે.

દાનનું સ્વરૂપ સમજાવતાં શ્રેયાંસકુમાર ભરતરાજાને કહે છે કે–સ્વ–પરના ઉપકારને માટે મન–વચન–કાયાની શુદ્ધિપૂર્વક પોતાની વસ્તુ યોગ્ય પાત્રને આપવી તેને દાન કહે છે. શ્રદ્ધા વગેરે ગુણોસહિત પુરુષ તે દાતા છે; આહાર, ઔષધ, શાસ્ત્ર તથા અભય એ ચાર વસ્તુઓ દેય (દાનમાં દેવાયોગ્ય) છે. રાગાદિ દોષોથી દૂર ને સમ્યક્ત્વાદિ ગુણસહિત પુરુષ તે પાત્ર છે. તેમાં જે મિથ્યાદ્રષ્ટિ છે પણ વ્રતશીલસહિત છે તે જઘન્યપાત્ર છે; અવ્રતી સમ્યગ્દ્રષ્ટિ મધ્યમ પાત્ર છે; અને વ્રત–શીલ–સહિત સમ્યગ્દ્રષ્ટિ તે ઉત્તમ પાત્ર છે. વ્રતશીલથી રહિત એવા મિથ્યાદ્રષ્ટિ તે પાત્ર નથી પણ અપાત્ર છે. મોક્ષના સાધક એવા ઉત્તમ ગુણવાન મુનિરાજને દેવામાં આવેલું આહારદાન અપુનર્ભવનું (મોક્ષનું) કારણ થાય છે. અહીં જે દિવ્ય પંચાશ્ચર્ય (રત્નવૃષ્ટિ વગેરે) થયા તે દાનના જ મહિમાને પ્રગટ કરે છે. હવે ભગવાન ૠષભદેવના તીર્થમાં મુનિ વગેરે પાત્ર સર્વત્ર ફેલાઈ જશે–ઠેર ઠેર મુનિઓ વિચરશે; માટે હે રાજર્ષિ ભરત! આપણે સૌએ ભક્તિપૂર્વક ઉત્તમદાન દેવું જોઈએ.

આ રીતે દાનનો ઉપદેશ આપીને શ્રેયકુમારે દાનતીર્થનું પ્રવર્તન કર્યું. શ્રેયાંસના શ્રેયકારી વચનો સાંભળીને ભરતરાજાને ઘણી પ્રીતિ થઈ, ને અત્યંત પ્રસન્નતાપૂર્વક રાજા સોમપ્રભનું તથા શ્રેયાંસકુમારનું સન્માન કર્યું. પછી ગુરુદેવ–ૠષભનાથના ગુણોનું ચિન્તન કરતા કરતા તે અયોધ્યાપુરી ગયા.

## ભગવાનનું નિરતિચાર ઉત્કૃષ્ટ ચારિત્ર

આહાર ગ્રહણ કર્યા બાદ ભગવાન વનમાં પધાર્યા ને નિજગુણચિન્તનમાં આરૂઢ થયા. ભગવાનને હેય અને ઉપાદેય તત્ત્વોનું બરાબર જ્ઞાન હતું, ગુણ–દોષની ભિન્નતાને તેઓ જાણતા હતા, એટલે દોષોને સર્વથા છોડીને માત્ર ગુણોમાં જ તેઓ આસક્ત રહેતા હતા, પાપયોગોથી તેઓ પૂર્ણ વિરક્ત હતા; અહિંસાદિ વ્રતોનું નિરતિચાર પાલન કરતા હતા; બ્રહ્મચર્યમાં તેઓ એકતાન હતા. તેમને ધૈર્ય, ક્ષમા, ધ્યાનમાં નિરંતર તત્પરતા અને પરિષહ આવે તોપણ માર્ગથી અચ્યુતપણું હતું. ભગવાન જિનકલ્પી હતા. જે સાધુ એકલા રહે અને આત્મચિન્તનમાં મશગુલ રહે, ઉપદેશાદિ પ્રવૃત્તિ ન કરે તેને જિનકલ્પી કહેવાય છે; અને જે સાધુ સંઘની સાથે રહે, ઉપદેશ આપે, દીક્ષા આપે તેમને સ્થવિરકલ્પી કહેવાય છે. તીર્થંકરભગવંતો જિનકલ્પી હોય છે. ભગવાન સામાયિક–ચારિત્રમાં વર્તતા હતા, પરંતુ કોઈ દોષ લાગતા ન હોવાથી પ્રતિક્રમણની કે છેદોપસ્થાપનની જરૂર ન હતી. જો કે ભગવાન ગર્ભમાં આવ્યા ત્યારથી જ ત્રણ જ્ઞાનસહિત હતા, ચોથું જ્ઞાન દીક્ષા વખતે પ્રગટયું હતું ને સિદ્ધપદ તેમને આ ભવમાં જરૂર પ્રગટવાનું હતું, તોપણ જ્ઞાનલોચનવંત તે ભગવાને એક હજાર વર્ષ સુધી ઉત્કૃષ્ટ તપ કર્યું હતું ને કર્મોની અસંખ્યાત ગુણશ્રેણી નિર્જરા કરી હતી. સદા જાગૃત રહેનારા તે યોગીરાજ કદી સૂતા ન હતા. ભગવાનનું નિરતિચાર ચારિત્ર સ્વયમેવ પ્રાયશ્ચિતરૂપ હતું, અર્થાત્ તેમાં કોઈ અતિચાર લાગતા જ ન હોવાથી પ્રાયશ્ચિતની જરૂર જ રહી ન હતી–જેમ સૂર્ય પોતે પ્રકાશસ્વરૂપ છે તેમાં અંધકાર છે જ નહિ, પછી તેને પોતામાંથી અંધકાર દૂર કરવાનું ક્યાં રહ્યું? તે પરમેષ્ઠી ભગવાને દીક્ષા વખતે સિદ્ધોને નમસ્કારરૂપ વિનય કર્યો હતો, તથા જ્ઞાન–દર્શન–ચારિત્ર–તપ–વીર્ય એ ગુણોનો વિનય કર્યો હતો, એ સિવાય બહારમાં તેમને વિનય કરવા યોગ્ય કોઈ ન હતું; જે પોતે જ પ્રધાનપુરુષહોવાથી બધાને નમ્રીભૂત કરનારા હતા તેઓ ભલા કોનો વિનય કરે? વળી રત્નત્રયરૂપ માર્ગમાં વ્યાપાર એ જ તેમનું ‘વૈયાવૃત્ય’ હતું, એ રત્નત્રય સિવાય બીજા કોની વૈયાવૃત્તિ કરે? (દીન–દુઃખી જીવોની સેવારૂપ વ્યાવૃત્તિ તો શુભકષાયના તીવ્ર ઉદયમાં જ સંભવે છે; ભગવાનને તો શુભકષાય પણ એવો અતિશય મંદ થઈ ગયો હતો કે તેમની પ્રવૃત્તિ બાહ્યવ્યાપારથી હટીને રત્નત્રયમાર્ગમાં જ રહેતી હતી.)

આ જગતમાં જે કાંઈ ધર્મસૃષ્ટિ (ધર્મની રચના) છે તે બધી, સનાતન ભગવાન ઋષભદેવે સ્વયં ધારણ કરીને યુગની આદિમાં પ્રસિદ્ધ કરી હતી, એ રીતે ભગવાન ધર્મસૃષ્ટિના સર્જનહાર હતા. જો કે શાસ્ત્રો તેમને આધીન હતા અર્થાત્ બાર અંગના તેઓ

સ્વામી હતા તોપણ જ્ઞાનની શુદ્ધિ અર્થે ભગવાન હંમેશા સ્વાધ્યાય કરતા, અને તેથી જ આજે પણ સંયમીજનો સ્વાધ્યાય કરે છે. બાર તપમાં સ્વાધ્યાય સમાન તપ બીજો છે નહિ ને થશે નહિ; વિનયપૂર્વક સ્વાધ્યાયમાં તલ્લીન થયેલા બુદ્ધિમાન મુનિને મનના સંકલ્પ–વિકલ્પો દૂર થઈ જવાથી ચિત્તની એકાગ્રતા થાય છે, એટલે સ્વાધ્યાય વડે મુનિને સુગમતાથી ધ્યાનની સિદ્ધિ થાય છે, ને ઇન્દ્રિયો વશીભૂત થઈ જાય છે. તે ભગવાન આત્માને શરીરથી ભિન્ન દેખતા હતા, ત્રણ ગુપ્તિનું પાલન કરતા હતા ને શરીરથી નિસ્પૃહ થઈ, તેનું મમત્વ છોડીને આત્માને ધ્યાવતા હતા. ધ્યાનરૂપી ઉત્તમ સંપદાના સ્વામી ભગવાન ધ્યાનાભ્યાસરૂપ તપવડે જ કૃતકૃત્ય થઈ ગયા હતા; કેમકે ધ્યાન જ ઉત્તમ તપ છે, બીજા બધા તપ તો તેના પરિકર છે. ધ્યાનની સિદ્ધિને માટે અનુકુળ એવા દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવનું જ ભગવાન સેવન કરતા હતા. અધ્યાત્મતત્ત્વને જાણનારા ભગવાન અધ્યાત્મની શુદ્ધિને માટે ગિરિગૂફા વગેરેમાં ધ્યાન કરતા હતા.

## ક્ષપકશ્રેણી અને કેવળજ્ઞાન-ઉત્પત્તિ

મૌની, ધ્યાની, નિર્માન અને અતિશય બુદ્ધિમાન એવા તે ભગવાન અનેક દેશોમાં વિહાર કરતા કરતા એક દિવસે **પુરિમતાલ** નગરના શકટ નામના ઉદ્યાનમાં પધાર્યા. (જેને હાલ પ્રયાગ–તીર્થ કહેવાય છે.) શુદ્ધ બુદ્ધિવાળા ભગવાન ધ્યાનની સિદ્ધિને માટે ત્યાં એક વડવૃક્ષ નીચે મોટી શિલા પર બિરાજ્યા; અને પૂર્વમુખે પદ્માસને બેસીને, લેશ્યાની ઉત્કૃષ્ટ શુદ્ધિપૂર્વક ચિત્તને એકાગ્ર કરીને ધ્યાન લગાવ્યું.

ભગવાને સૌથી શ્રેષ્ઠ એવા પરમપદમાં પોતાનું ચિત્ત જોડયું, અને સિદ્ધના આઠ ગુણોનું ચિન્તન કર્યું. સમ્યક્ત્વ, અનંતદર્શન, જ્ઞાન, અદ્‌ભુત વીર્ય, સૂક્ષ્મત્વ, અવગાહનત્વ, અવ્યાબાધત્વ અને અગુરુલઘુત્વ;–સિદ્ધપદના અભિલાષીએ સિદ્ધપ્રભુના આ આઠ ગુણોનું ધ્યાન કરવું જોઈએ, તથા દ્રવ્ય ક્ષેત્ર કાળ ને ભાવ એ ચારની અપેક્ષાએ પણ તેમના સ્વરૂપનું ચિન્તન કરવું જોઈએ. એ રીતે બારગુણયુક્ત, મુક્ત, સૂક્ષ્મ, નિરંજન રાગાદિથી રહિત, વ્યક્ત, નિત્ય અને શુદ્ધ એવું સિદ્ધસ્વરૂપ મુમુક્ષુ યોગીઓએ ધ્યાન કરવાયોગ્ય છે. ધ્યાનના પરિવાર જેવી અનુપ્રેક્ષાઓ પણ ભગવાને ચિન્તવી. ધર્મધ્યાનમાં તત્પર એવા એ વિરાગી ભગવાનને જ્ઞાનાદિની શક્તિને લીધે જરાપણ પ્રમાદ રહ્યો ન હતો. તે અપ્રમત્ત ભગવાનને જ્ઞાનાદિ પરિણામોમાં પરમ વિશુદ્ધિ પ્રગટી ને અશુભલેશ્યા રંચમાત્ર ન રહી, શુક્લલેશ્યા પ્રગટી. તે વખતે દેદીપ્યમાન ભગવાનને મોહનો નાશ કરવા માટે ધ્યાનની એવી શક્તિ સ્ફૂરાયમાન થઈ –જાણે કે મોટી વીજળી ઝબકી! ભયરહિત ભગવાને સંકલ્પ–વિકલ્પ દૂર કરીને, મોહશત્રુની સેનાનો નાશ કરવા માટે પોતાના

વિશુદ્ધ પરિણામની સમસ્ત સેનાને સુસજ્જ કરી. મોહશત્રુને જીતવા માટે તત્પર થયેલા ભગવાને સંયમરૂપી બખ્તર બનાવ્યું, ઉત્તમ ધ્યાનરૂપ વિજય–અસ્ત્ર ધારણ કર્યું, જ્ઞાનને મંત્રી બનાવ્યું, અને વિશુદ્ધ પરિણામને સેનાપતિ પદ આપ્યું, દુર્ભેદ્ય અને ધ્રુવયોદ્ધા એવા અનંત ગુણોને સૈનિક બનાવ્યા; અને રાગાદિ પ્રતિપક્ષીને હન્તવ્ય એવા શત્રુપક્ષમાં રાખ્યા.

એ પ્રમાણે સૈન્ય તૈયાર કરીને જગત્ગુરુ ભગવાન જેવા વિજય માટે ઉદ્યમી થયા કે તરત જ કર્મસૈન્ય ખળભળી ઊઠયું, તેની સ્થિતિ તૂટવા માંડી ને રસ–શક્તિ નાશ થવા લાગી; પ્રકૃતિ એકબીજામાં સંક્રમણ થઈને વેરવિખેર થવા લાગી. કર્મસૈન્ય સમયે સમયે અસંખ્યાતગણું નિર્જીર્ણ થવા લાગ્યું. જેમ વિજયાભિલાષી રાજા શત્રુસૈન્યમાં ખળભળાટ મચાવીને પછી તેને મૂળથી ઉખેડી નાંખે, તેમ આ યોગીરાજે પોતાના યોગબળથી પહેલાં તો કર્મપ્રકૃતિરૂપ મોહસૈન્યમાં ખળભળાટ મચાવી દીધો ને પછી તેને જડમૂળથી ઉખેડી નાંખવાનો ઉદ્યમ શરૂ કર્યો.

ઉત્કૃષ્ટ વિશુદ્ધિને ભાવતા થકા અપ્રમત્ત થઈને ભગવાને મોક્ષમહેલની સીડી સમાન ક્ષપકશ્રેણી પર આરોહણ કર્યું. સાતમા ગુણસ્થાને અધઃકરણ કરીને, અપૂર્વકરણ નામના આઠમા ગુણસ્થાને આવ્યા ને પછી અનિવૃત્તિકરણ નામના નવમા ગુણસ્થાને ચડયા. ત્યાં પૃથકત્વવિતર્ક નામના શુક્લધ્યાનરૂપી ચક્રને ધારણ કરીને તેના પ્રભાવથી અત્યંત શુદ્ધિ પ્રાપ્ત કરીને, નિર્ભયપણે મોહરાજાના સમસ્ત બળને તોડી પાડયું ને તેની બધીય સેનાને પછાડી દીધી. પહેલે જ ધડાકે તેમણે મોહના અંગરક્ષક જેવા કષાયો તથા નવ નોકષાયોરૂપી યોદ્ધાઓને હણી નાંખ્યા; પછી બાકી રહેલામાં મહાનાયક એવા સંજ્વલન ક્રોધને માર્યો, પછી માનને માર્યું; પછી માયાને તેમજ બાદર લાભને પણ નષ્ટ કર્યા.

એ પ્રમાણે મોહશત્રુને જીતીને મહાધ્યાનરૂપી રંગભૂમિમાં, સત્ય ચરિત્રધ્વજ ફરકાવતા ને તીક્ષ્ણજ્ઞાનશસ્ત્રને ધારણ કરતા, તથા દયાનું કવચ પહેરીને તે મહાન વીર વિજેતા, જ્યાંથી પાછું ન હઠવું પડે એવી અનિવૃત્તિ નામની વિજયભૂમિમાં આવ્યા. અહીં યોગીરાજ ભગવાન ઋષભદેવે નરક–તિર્યંચગતિ સંબંધી ૧૩ તથા દર્શનાવરણની ૩ એ સોળ પ્રકૃત્તિને એક ઝાટકે ઉડાડી દીધી. પછી ૮ કષાય પ્રકૃતિઓને, નવ નોકષાયને તથા સંજ્વલન ક્રોધ–માન–માયા–એમ કુલ ૨૦ પ્રકૃત્તિને પણ મૂળમાંથી ઉખેડી નાંખી; તથા અશ્વકર્ણ, કૃષ્ટિકરણ વગેરે વિધિદ્વારા કર્મોનું જોર તોડીને ભગવાન દશમા ગુણસ્થાને આવ્યા. આ સૂક્ષ્મ સાંપરાય ગુણસ્થાને રહેલા અતિસૂક્ષ્મ લોભને પણ જીતીને મોહ ઉપર સંપૂર્ણ વિજય પ્રાપ્ત કરી લીધો. એ નિર્મોહી વિજેતા ભગવાન ઋષભદેવ, રંગભૂમિમાંથી મોહશત્રુનો નાશ

થવાથી તેજસ્વીપણે અતિશય શોભતા હતા. જેમ મલ્લકુસ્તીના મેદાનમાંથી પ્રતિસ્પર્ધી મલ્લ ભાગી જવાથી વિજેતા મલ્લ એકલો શોભે, તેમ મોહરહિત ભગવાન શોભતા હતા.

ત્યારપછી, અવિનાશી ગુણોનો સંગ્રહ કરનારા ભગવાન ક્ષીણકષાય નામના બારમા ગુણસ્થાને આવ્યા. ત્યાં મોહકર્મનો મૂળમાંથી નાશ કરીને ભગવાન ‘સ્નાતક’ થયા. પછી જ્ઞાન–દર્શન અને વીર્યમાં વિઘ્ન કરનારી ઉદ્ધત્તપ્રકૃત્તિઓને એકત્વવિતર્ક નામના બીજા શુક્લધ્યાનવડે નષ્ટ કરી, આ અતિશય દુઃખકર એવા ચારે ઘાતીકર્મોને ધ્યાનાગ્નિમાં ભસ્મ કરીને ભગવાન ઋષભમુનિરાજ કેવળજ્ઞાની અને વિશ્વદર્શી થયા. અહો! ભગવાન સર્વજ્ઞ થયા! અનંત જ્ઞાન, દર્શન, ચારિત્ર શુદ્ધસમ્યક્ત્વ, દાન, લાભ, ભોગ, ઉપભોગ ને વીર્ય–એવી નવલબ્ધિરૂપ કિરણોવડે પ્રકાશમાન, ઋષભજિનેન્દ્રરૂપી સૂર્ય મહા વદ અગિયારસે જગતને પ્રકાશતો અને ભવ્યજીવોરૂપી કમળને વિકસાવતો ઉદય પામ્યો. અહા! ત્રણલોકને આનંદકારી એવા સર્વજ્ઞતારૂપી સૂર્યના પ્રકાશથી ભગવાનનો આત્મા શોભી ઊઠયો.

**કેવળજ્ઞાનપ્રાપ્ત ભગવાન ઋષભજિનેન્દ્રને નમસ્કાર હો.**

-*-

# એક રાજાનો મોટો વૈભવ!

જુઓ ભાઈ, આ તો અંતરમાં બિરાજમાન ચૈતન્યરાજાના વૈભવની વાત છે. એક સાધારણ રાજાનો વૈભવ જોવા મળે તો કેવા રસથી જુએ છે! પણ અરે ચેતનરાજા! તારો પોતાનો વૈભવ કેવો અપાર છે તે તો જાણ! જગતમાં સૌથી મોટો મહિમાવંત ચેતનરાજા તું છો. તારા અચિંત્ય ચૈતન્યવૈભવની પાસે ચક્રવર્તીના રાજનીયે કાંઈ કિંમત નથી. ચેતનરાજાનો વૈભવ ઘણો મોટો છે. –એવા આત્મવૈભવને જાણવો તે સર્વ જૈનસિદ્ધાંતનો સાર છે.

-*-

# 卐 ભારતના પાટનગરમાં જિનવાણીની અમૃત વર્ષા 卐

**જૈનસમાજના નેતા અને ભારતના અજોડ અધ્યાત્મ સંત પૂ. શ્રીકાનજીસ્વામી તા. ૧૭-૧૮-૧૯ એપ્રિલના ત્રણ દિવસ દિલ્હી શહેરમાં પધાર્યા ને દિલ્હીની જનતાને જે અધ્યાત્મસન્દેશ સંભળાવ્યો તેનો થોડોક સાર અહીં આપ્યો છે.**

**બ્ર. હરિલાલ જૈન**

卐

આત્માનો એકત્વ–વિભક્ત સ્વભાવ જીવે કદી જાણ્યો નથી. પરથી ભિન્ન, દેહથી ભિન્ન ને રાગાદિ વિકારથી પણ વિભક્ત, અને પોતાના જ્ઞાનાનંદ સ્વભાવ સાથે એકમેક એવા આત્મસ્વભાવને જાણ્યા વગર જીવ સંસારની ચાર ગતિમાં રખડી રહ્યો છે. પુણ્ય કરીને સ્વર્ગાદિમાં ને પાપ કરીને નરકાદિમાં–એમ ચાર ગતિના ભવચક્રમાં ભ્રમણ કરી રહ્યો છે. એ ભવનો આંટો કેમ મટે? તેની આ વાત છે. શ્રીમદ્ રાજચંદ્રજી ૧૬ વર્ષની નાની વયમાં ભવચક્રનો આંટો મટાડવાની વાત કરતાં લખે છે કે–

**બહુ પુણ્ય કેરા પુંજથી શુભદેહ માનવનો મળ્યો,**
**તોયે અરે! ભવચક્રનો આંટો નહી એકે ટળ્યો.**

આત્માના ભાન વગર પુણ્ય કરે તેથી મનુષ્યાદિનો ભવ મળે પણ તેનાથી ભવચક્ર મટે નહિ. ભવચક્રનો આંટો મટાડવાનો ઉપાય શુભ–અશુભ રાગથી પાર છે; આત્મા જ્ઞાનાનંદસ્વરૂપ શાશ્વત વસ્તુ છે. આ દેહના રજકણ જુદી ચીજ છે, તેની ક્રિયા આત્માની નથી. અરે, રાગની ક્રિયા પણ ખરેખર આત્માની નથી. જ્ઞાનાનંદસ્વરૂપ આત્માનો જેને અનુભવ નથી તે જ રાગની ક્રિયાનો કર્તા થાય છે. જ્ઞાનને ભૂલીને ક્રોધાદિ પરભાવનો જે કર્તા થયો એટલે કે પરભાવ સાથે એકત્વબુદ્ધિરૂપ પ્રેમ કર્યો તેને આત્માના સ્વભાવ ઉપર ક્રોધ છે, અરુચિ છે; તેને શાસ્ત્રો મિથ્યાત્વ કહે છે ને તે જ સંસારનું મૂળ છે.

પ્રભો! તું તો જ્ઞાન છો; તારા જ્ઞાનની જે ચીજ નથી એવી પરચીજનું કર્તૃત્વ તું તારામાં માને છે તે બડી ભૂલ છે. તે મિથ્યાત્વને શાસ્ત્રોએ મહાપાપ કહ્યું છે.

તેનો નાશ થઈને આત્મામાં સમ્યગ્દર્શનની ઉત્પત્તિ કેમ થાય? એટલે કે અપૂર્વ ધર્મની શરૂઆત કેમ થાય–તે વાત અહીં સમજાવે છે. તારો આત્મા અનંત આનંદની ખાણ છે, તેમાં એકવાર ખોજ તો કર.–જ્યાં આનંદ ભર્યો છે ત્યાં શોધવાથી નીકળશે. રાગમાં કે દેહમાં કાંઈ તારો આનંદ ભર્યો નથી, તેમાં શોધવાથી તને આનંદ નહીં મળે; તેના કર્તૃત્વમાં અટકતાં તને તારા આત્માની શાંતિ નહીં મળે. અંતર્દ્રષ્ટિથી જોતાં ધર્મીજીવ પોતાના જ્ઞાનાનંદસ્વરૂપ આત્માને વિકારથી જુદો દેખે છે, એટલે તે જ્ઞાનને આદરે છે ને વિકારને આદરતો નથી. આવી અંતર્દ્રષ્ટિ કરતાં અનંતકાળનું અજ્ઞાન એક ક્ષણમાં ટળી જાય છે–

**કોટિ વર્ષનું સ્વપ્ન પણ જાગૃત થતાં શમાય,**
**તેમ વિભાવ અનાદિનો જ્ઞાન થતાં દૂર થાય.**

અનંતકાળનું અજ્ઞાન દૂર કરવા માટે અનંતકાળ નથી લાગતો પણ જ્ઞાન થતાંવેંત જ તે ટળી જાય છે. આત્માના સ્વરૂપનું જ્ઞાન થતાં વિકારનું કર્તૃત્વ રહેતું નથી. આવું યથાર્થ જ્ઞાન અને શ્રદ્ધાન કરવું તે મોક્ષમાર્ગનું અપૂર્વ રત્ન છે. જેમ રત્નની કિંમત ઝવેરી જાણે છે તેમ ચૈતન્યરત્ન કેવું છે તેની કિંમત ધર્માત્મા–સમ્યગ્દ્રષ્ટિ ઝવેરી જ જાણે છે. સમ્યગ્દર્શન થતાં જે જ્ઞાન પ્રગટયું તે શાંતરસમય છે, તે આકુળતા વગરનું છે. આવા ભેદજ્ઞાનવડે જ ત્રણેકાળ જીવો મુક્તિ પામે છે. ભેદજ્ઞાન વગર કદી કોઈ જીવ મુક્તિ પામતો નથી.

આત્મામાં સર્વજ્ઞત્વશક્તિ છે. તેનું ભાન કરીને તેમાં લીનતાવડે જેમણે કેવળજ્ઞાનજ્યોતિ પ્રગટ કરી એવા સર્વજ્ઞ પરમાત્માની વાણી ઝીલીને કુંદકુંદાચાર્યદેવે આ સમયસાર રચ્યું છે. પોતાના સ્વાનુભવથી જે શુદ્ધાત્મા જાણ્યો તે સમયસારમાં દર્શાવ્યો છે.

**આતમઅનુભવરસકથા પ્યાલા પિયા ન જાય;**
**મતવાલા તો ઢહી પડે, નિમતા રહે પચાય.**

આત્માના અનુભવનો આનંદરસ કોઈ અલૌકિક છે; તે અનુભવરસને મમતારહિત એવા જ્ઞાનીઓ જ પચાવે છે. પરની મમતામાં રોકાયેલા મતવાલા જીવો ચૈતન્યના અનુભવરસને પચાવી શકતા નથી. પરની મમતા છોડીને પરથી ભિન્ન એવા ચૈતન્યતત્ત્વને પ્રતીતમાં લઈને ધર્મીજીવ ચૈતન્યના આનંદરસને અનુભવે છે. સિદ્ધદશા આત્માની રાજધાની છે, તેમાં બિરાજમાન સિદ્ધભગવંતો હમારા શિરછત્ર છે.

અરે જીવ! આ ચૈતન્યરસનું પાન કર. તે ચૈતન્યરસની ખુમારી પાસે બીજા કોઈની આશા રહેશે નહિ. માટે કહે છે કેઃ–

**આતમ! અનુભવ રસ પીજે...આશા ઔરનકી કયા કીજે?**

ચૈતન્યનો રંગ જેને ચડયો તેને પરપદની પ્રીતિ રહે નહીં. સ્વપદને ભૂલીને અજ્ઞાની પરપદમાં રાચી રહ્યો છે. ભાઈ! તારા સ્વતત્ત્વમાં એકવાર તો દ્રષ્ટિ લગાવ... તેમાં પરમ અતીન્દ્રિય આનંદનો એવો અનુભવ થશે, કે ઇન્દ્રના વૈભવ પણ તને સડેલા તરણાં જેવા લાગશે. શુભ કે અશુભ રાગરૂપ આસ્રવો છે તે અધ્રુવ છે, દુઃખરૂપ છે; એનાથી પણ ભિન્ન ચિદાનંદસ્વભાવી આત્મા ધ્રુવ છે, ને દુઃખનું તે અકારણ છે, તેનો અનુભવ આનંદરૂપ છે. આમ આત્મા અને આસ્રવની ભિન્નતા જાણતાં જ્ઞાન આસ્રવોથી જાુદું પરિણમે છે, એટલે કે સંવર થાય છે. આ રીતે ભેદજ્ઞાન દ્વારા સંવર કરીને અનંતા જીવો મોક્ષ પામ્યા છે. તેઓ જ્યાંથી મોક્ષ પામ્યા તેને સિદ્ધક્ષેત્રરૂપ તીર્થ કહેવાય છે.

હમણાં સમ્મેદશિખરજી તીર્થની યાત્રાએ ગયા હતા, ત્યાંથી અનંતા જીવો મુક્ત થયા છે ને ઉપર સિદ્ધપણે બિરાજે છે. આત્માનો સંસાર આત્માના વિકારભાવમાં હતો, ને આત્માની શુદ્ધતા થતાં મોક્ષ પણ આત્મામાં જ પ્રગટયો. એવી મોક્ષદશા કેમ પમાય તેના સ્મરણ માટે તીર્થયાત્રા છે, તે અશરીરી પૂર્ણ આનંદમય પરમાત્માનું સ્વરૂપ શું છે– તેના સ્મરણ માટે તીર્થયાત્રા છે, તેમને સાદિઅનંત આનંદ પ્રગટયો તે ક્યાંથી પ્રગટયો? આત્માની શક્તિમાં હતો તે આનંદ પ્રગટયો. આવી પ્રતીત અને ઓળખાણ વગર સિદ્ધનું સાચું સ્મરણ કોણ કરશે?

ભગવાનશ્રી કુંદકુંદાચાર્યદેવ કહે છે કે આત્મા શુદ્ધ જ્ઞાનસ્વરૂપ છે; રાગાદિ પરિણામ કે દેહાદિની ક્રિયા તે આત્માનું કાર્ય નથી, ને તેના આધારે આત્માની સમ્યગ્દર્શનાદિ ક્રિયા થતી નથી. આત્મા પોતે જ સમ્યગ્દર્શનાદિનો આધાર છે.–આવા આત્મસ્વરૂપનો યથાર્થ નિર્ણય કરવો તે ધર્મનું પહેલું પગથિયું છે.

卐

## દ્રઢતા

તારું કાર્ય સાધવા માટે બહારની સાધન–સમ્પત્તિની એવી જરૂર નથી કે જેટલી તારા દ્રઢ સંકલ્પની જરૂર છે. તારો દ્રઢ સંકલ્પ એ જ તારા કાર્યને સાધવાનું મુખ્ય સાધન છે.

# જન્મોત્સવના ૭૮ પુષ્પો

( પૃષ્ઠ ૮ થી ચાલુ )

( ૩૫ ) રાગને જાણતી વખતે જ્ઞાનીનો આત્મા રાગરૂપે નથી પરિણમતો પણ રાગના જ્ઞાનરૂપે જ પરિણમે છે.–આ રીતે જ્ઞાનરૂપે પરિણમતા આત્માને જાણવો તે કલ્યાણનો માર્ગ છે.

( ૩૬ ) ભાઈ, આત્માને જે દુઃખ અને પરિભ્રમણ છે તે કેમ ટળે? ને સુખ કેમ પ્રગટે તેની આ વાત છે. શુભરાગ તે કાંઈ સુખરૂપ નથી; સુખ તો નિરાકુળ, રાગ વગરનું છે.

( ૩૭ ) રાગમાં જેને મીઠાશ લાગે છે તે દુઃખમાં પડેલા છે. જ્ઞાનસ્વરૂપ આત્મા જ આનંદનો સાગર છે–એનું ભાન કરીને અનુભવ કરતાં સુખનું વેદન થાય છે; તે ધર્મ છે.

( ૩૮ ) જ્ઞાન અને રાગનું સ્વરૂપ ભિન્ન છે. જ્ઞાનમાં તો સ્વ–પરને જાણવાની તાકાત છે, પણ રાગમાં સ્વ–પરને જાણવાની તાકાત નથી; તેથી જ્ઞાન તો પ્રકાશરૂપ છે, ચેતનરૂપ છે, ને રાગ તો અંધકારરૂપ છે, અચેતન છે.–આમ બંનેની ભિન્નતા ઓળખવી તે દુઃખથી છૂટવાનો ઉપાય છે.

( ૩૯ ) જગતમાં મણિ–રત્નો મળવા મોંઘા નથી, પણ આત્માના ધર્મનું શ્રવણ મળવું મહા મોંઘું છે. તે શ્રવણ કરીને પણ ચૈતન્યસ્વરૂપને લક્ષગત કરવું તે તો અપૂર્વ છે.

( ૪૦ ) રાગ દુઃખનું કારણ છે, આત્માનો જ્ઞાનસ્વભાવ દુઃખનું કારણ નથી, એ તો આનંદનું ધામ છે.

( ૪૧ ) આત્માનું સ્વરૂપ મારે સમજવું છે એમ જો અંતરમાં ગરજ કરીને સમજવા માંગે તો જરૂર સમજાય તેવું છે.

( ૪૨ ) જીવને પ્રતિકૂળ સંયોગોનું દુઃખ નથી; દુઃખનું કારણ સંયોગો નથી, તેમજ આત્માનો સ્વભાવ પણ દુઃખનું કારણ નથી. દુઃખનું કારણ તો ચૈતન્યથી વિરુદ્ધ એવા ક્રોધાદિભાવો જ છે.

( ૪૩ ) રાગાદિ ભાવોને કારણ બનાવીને આત્મા પોતાના સમ્યગ્દર્શનાદિ કાર્યને કરે–એવું નથી. તેમજ આત્મા કારણ થઈને રાગાદિ કાર્યને કરે–એમ પણ નથી. આ રીતે રાગાદિ સાથે ખરેખર આત્માને કારણ–કાર્યપણું નથી.

( ૪૪ ) રાગ અને જ્ઞાનની ભિન્નતાનું જ્યાં ભેદજ્ઞાન થયું એટલે કે અંતર્મુખ થઈને જ્ઞાનનો અનુભવ થયો ત્યાં રાગ સાથે એકતાબુદ્ધિ રહેતી નથી, એટલે તેને બંધન થતું નથી, તે આત્મા બંધનથી છૂટે છે.

( ૪૫ ) ભાઈ, ચોરાશીના ભવભ્રમણમાંથી છૂટવાનો રાહ સન્તો તને બતાવે છે. તારો આત્મા અતીન્દ્રિય આનંદસ્વરૂપ છે, તેનો વિશ્વાસ કરવો તે દુઃખથી છૂટવાનો ઉપાય છે.

( ૪૬ ) દુઃખને ઉપજાવનાર કોણ છે? રાગ સાથેની એકત્વબુદ્ધિ જ દુઃખને ઉપજાવનારી છે; ને જ્ઞાનસ્વભાવમાં એકત્વબુદ્ધિ તે આનંદને ઉપજાવનાર છે.

( ૪૭ ) ભાઈ, અંદરમાં આનંદથી ભરેલું ચૈતન્યતત્ત્વ છે, તેમાં ઊંડે ઊતરવા જેવું છે. જ્યાં સુખ ભર્યું છે તેમાં ઊંડો ઊતરે તો સુખ મળે.

( ૪૮ ) રાગાદિ ભાવો પોતે દુઃખરૂપ છે, તે સુખનું કારણ કેમ થાય? આત્માના સ્વભાવને રાગ સાથે કારણ–કાર્યપણું નથી.

( ૪૯ ) દેહની ક્રિયાઓ કારણ ને આત્માનું સમ્યગ્દર્શન કાર્ય એમ નથી; તેમજ રાગની ક્રિયા તે કારણ ને આત્માનું સમ્યગ્દર્શનાદિ તે કાર્ય–એવું પણ નથી.

( ૫૦ ) એ જ રીતે, આત્મા કારણ થઈને રાગાદિ કાર્યને કરે એમ નથી, તેમજ આત્મા કારણ થઈને દેહાદિની ક્રિયાને કરે એમ પણ નથી.

( ૫૧ ) આત્માના આવા અકારણ–કાર્ય સ્વભાવનું વિવેચન સમ્મેદશિખરજી તીર્થની છાયામાં બે દિવસ ચાલ્યું હતું. એ તો ભગવાનના મોક્ષનું ધામ, ત્યાં અનંતા સિદ્ધ ભગવંતો ઉપર બિરાજી રહ્યા છે. તેઓ કઈ રીતે મોક્ષ પામ્યા–તેની આ વાત છે.

( ૫૨ ) સર્વજ્ઞદેવે સંક્ષેપમાં મોક્ષનો માર્ગ એમ સમજાવ્યો છે કે તારા જ્ઞાનસ્વભાવનું વેદન તે જ મોક્ષનું કારણ છે, ને રાગનું વેદન તે મોક્ષનું કારણ નથી.

( ૫૩ ) જેમ આત્માના સ્વભાવને રાગાદિ સાથે અકારણ–કાર્યપણું છે, તેમ આત્માના શ્રદ્ધા–જ્ઞાન–સુખ વગેરે સમસ્ત ગુણોને પણ રાગાદિ સાથે અકારણ–કાર્યપણું છે.

( ૫૪ ) જેમકે–આત્માની શ્રદ્ધાપર્યાય;–રાગ છે માટે તે શ્રદ્ધા પ્રગટી–એમ નથી. અને તે શ્રદ્ધાપર્યાય રાગની કર્તા પણ નથી. આમ આત્માના દરેક ગુણની

નિર્મળપર્યાયને રાગથી ભિન્નતા છે એટલે તેની સાથે કારણ–કાર્યપણાનો સંબંધ આત્માને નથી.

(૫૫) પરને કારણે તો શ્રદ્ધા વગેરે નહિ, ને શુભરાગને કારણે પણ શ્રદ્ધા વગેરે નથી. માટે હે ભાઈ! સમ્યગ્દર્શનાદિ માટે તું તારા સ્વભાવમાં જો; અને તારા ગુણ–પર્યાયોને રાગાદિથી ભિન્ન દેખ.

(૫૬) શ્રદ્ધાગુણમાં એવો સ્વભાવ નથી કે પોતાના કાર્યમાં રાગને કારણ બનાવે. પોતે પોતાના સ્વભાવથી જ સમ્યગ્દર્શનાદિ કાર્યરૂપે પરિણમે છે.

(૫૭) પહેલાં જ્ઞાનના બળથી આવા સ્વભાવનો નિર્ણય કરવો જોઈએ. નિર્ણય સાચો હોય તો અનુભવ સાચો થાય, ને સમ્યગ્દર્શનાદિ થાય.

(૫૮) આત્મા કેવો છે, ને કેમ પ્રગટે–તેના નિર્ણય વગર શેમાં લીન થશે? રાગને આત્માનું સ્વરૂપ માને તો તે લીનતા પણ રાગમાં જ કરશે.–તેને વીતરાગી ચારિત્ર કે મોક્ષમાર્ગ ક્યાંથી થાશે?

(૫૯) જ્ઞાનાનંદસ્વરૂપ આત્માનો જેણે નિર્ણય કર્યો ને રાગાદિ પરભાવો સાથેનો સંબંધ તોડયો તેને જ્ઞાનસ્વરૂપમાં લીનતા વડે વીતરાગી ચારિત્ર ને મોક્ષમાર્ગ પ્રગટ થાય છે.–આવો મોક્ષમાર્ગ ભગવાને કહ્યો છે. આ મોક્ષમાર્ગમાં બીજું કોઈ કારણ નથી.

(૬૦) ભાઈ, આ દેહનો ને જીવનો ભરોસો શો? તારું તો જ્ઞાન છે. જ્ઞાનસ્વરૂપ આત્માના સ્મરણથી પણ શાંતિ મળે છે, તો તેના સાક્ષાત્ અનુભવના આનંદની શી વાત?

(૬૧) રાગથી જે જ્ઞાન જાુદું નથી પરિણમતું રાગમાં તન્મય વર્તે છે, તેને ખરેખર જ્ઞાન કહેતા નથી, તે તો અજ્ઞાન જ છે. જ્ઞાન તો તેને કહેવાય કે રાગનું અકર્તા થઈને રાગથી જાુદું પરિણમે.

(૬૨) રાગ તો પોતે ‘અજ્ઞાનમય ભાવ’ છે, તેની સાથે એકમેક વર્તે તેને જ્ઞાન કોણ કહે? અંતર્મુખ થઈને જ્ઞાનસ્વભાવ સાથે એકતા કરી ત્યારે જ્ઞાન જ્ઞાનરૂપે પરિણમ્યું, ને આસ્રવોથી છૂટયું.–આવું ભેદજ્ઞાન તે બંધથી છૂટવાનું ને મોક્ષની પ્રાપ્તિનું સાધન છે.

(૬૩) અહો, આવા ચૈતન્યસ્વરૂપની વાર્તા સાંભળતાં આત્માર્થીને ચિત્તની પ્રસન્નતા થાય છે. ચૈતન્ય પ્રત્યે જેને પ્રીતિ જાગી તે તેને સાધીને અલ્પકાળમાં જરૂર મોક્ષ પામે છે.

(૬૪) સ્વઘરમાં પહોંચવાની આ વાત છે. અનાદિથી નિજઘરને ભૂલીને પરભાવમાં જીવ લીન થઈ રહ્યો છે. રાગ અને ચૈતન્ય બંનેના લક્ષણદ્વારા તેમની ભિન્નતા જાણતાં જીવને પર ભાવમાં લીનતા રહેતી નથી; ને ચૈતન્યમય સ્વભાવમાં લીનતારૂપ પ્રવૃત્તિ થાય છે.–એનું નામ ધર્મ છે.

(૬૫) રાગને ખબર નથી કે 'હું રાગ છું.' જ્ઞાન જ તેને જાણે છે કે 'આ રાગ છે, ને હું જ્ઞાન છું.' આવા સ્વ–પર પ્રકાશક જ્ઞાનપણે આત્માને જાણવો ને અનુભવવો તે સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર છે.

(૬૬) રાગને જાણતાં 'રાગ તે જ હું' એવી બુદ્ધિ તે અજ્ઞાન છે; રાગ મને ધર્મનું સાધન થશે એવી જેની બુદ્ધિ છે તે પણ રાગને જ જ્ઞાન માને છે. જ્ઞાનના નિરાકુળ આનંદસ્વાદની તેને ખબર નથી.

(૬૭) રાગથી ભિન્ન જ્ઞાનને જે જાણે તે રાગને મોક્ષનું સાધન માને નહિ, તેમજ રાગને મોક્ષનું સાધન મનાવનાર જીવોની વાત તે માને નહીં. રાગને મોક્ષનું સાધન પણ માને અને ભેદજ્ઞાન પણ હોય એમ બને નહિ.

(૬૮) આત્માના અનુભવ માટે પહેલાં શું કરવું? કે જેવો શુદ્ધસ્વભાવ છે તેવો યથાર્થપણે નિર્ણયમાં લઈને લક્ષગત કરવો જોઈએ, પછી વિકલ્પ તૂટીને સાક્ષાત્ અનુભવ થાય છે.

(૬૯) શરૂમાં રાગ–વિકલ્પ હોવા છતાં જ્ઞાનના બળે અંદરમાં નિર્ણય કર કે મારો આત્મા જ્ઞાનસ્વભાવરૂપ છે, ને સ્વસંવેદનથી મને પ્રત્યક્ષ થઈ શકે છે. –આવા નિર્ણયના જોરે નિર્વિકલ્પ અનુભવ થશે. નિર્ણય વગર ધર્મનું પગલુંય ભરાશે નહીં.

(૭૦) કોઈ કહે કે અમને નથી સમજાતું.–તો ભાઈ! 'નથી સમજાતું' એવો તારો ઊંધો ભાવ તો અનાદિનો છે, હવે અંતર્મુખ સમજણના પ્રયત્નવડે તે ભાવ પલટાવી નાંખ. સવળા ભાવ વડે આત્મા સમજી શકાય તેવો છે.

( ૭૧ ) ધર્મ એ આનંદની દશા છે, શાંતિની દશા છે; તે આનંદ કે શાંતિ રાગવડે પ્રાપ્ત થઈ શકે નહિ; પણ રાગથી પાર આત્માનું સ્વરૂપ છે તેના વેદન વડે આનંદ, શાંતિ ને ધર્મ થાય છે.

( ૭૨ ) અરે, આત્માના નિર્ણયમાં પણ જે સુખ છે તે રાગથી જુદી જાતનું છે. આત્માનો નિર્ણય પણ અનંતકાળમાં જીવે કર્યો નથી. નિર્ણય કરે તો તે માર્ગે અનુભવ કર્યા વગર રહે નહિ.

( ૭૩ ) વૈશાખ સુદ બીજના પ્રવચનમાં ગુરુદેવ પ્રસન્નતાથી કહે છે કે–જુઓ ભાઈ ! આ તત્ત્વ લક્ષમાં લેવું જોઈએ. સુખ તો આત્મતત્ત્વમાં છે, તેની ઓળખાણ વગર બહારની બધી વૃત્તિઓ દુઃખરૂપ છે. આત્માને લક્ષગત કરીને સ્વસંવેદન–પ્રત્યક્ષ કરવો તે સુખનો ઉપાય છે.

( ૭૪ ) અંતર્સ્વભાવમાં જવા માટે પહેલાં તેનો સત્ય નિર્ણય કરવો જોઈએ; પછી નિર્ણયના ઘોલનથી વિકલ્પ તૂટીને સાક્ષાત્ અનુભવ થાય.

( ૭૫ ) જેમ પ્રકાશમાં અંધકાર નથી, ને અંધકારમાં પ્રકાશ નથી; તેમ મોક્ષના કારણરૂપ જે ધર્મ, તેમાં રાગરૂપ અંધકાર નથી ને રાગાદિ અંધકારમાં ધર્મનો પ્રકાશ નથી.–આમ બરાબર નિર્ણય કરવો જોઈએ.

( ૭૬ ) ધર્મીજીવ જાણે છે કે હું ચૈતન્યસ્વરૂપે સદાય ઉદયરૂપ છું, જેમાં વિકાર પ્રવેશી ન શકે એવો વિજ્ઞાનઘન હું છું; આવો હું મારા પોતાના સંવેદનથી મને પ્રત્યક્ષ જાણું છું, એમાં વચ્ચે કોઈ વિકલ્પ નથી.

( ૭૭ ) ધર્મની એટલે કે સમ્યગ્દર્શન થવાની આ રીત છે. આ રીતે આત્માનો અનુભવ થાય છે.

( ૭૮ ) આવા આત્માનો અનુભવ કરવો તે જીવનની સફળતા છે.

**આવું અનુભવ-જીવન જીવનારા**
**ધર્માત્માઓને નમસ્કાર હો.**

*

# અપાર સુખથી ભરેલો આત્મવૈભવ

( “આત્મવૈભવ” પુસ્તકનું એક પ્રકરણ )

-*-

સુખશક્તિની પ્રતીત કરતાં તેનું ફળ પર્યાયમાં આવે છે સ્વાનુભૂતિમાં જે સુખનું વેદન થયું તે ઉપરથી ધર્મી જીવ જાણે છે કે મારો આખો આત્મા આવા પૂર્ણ સુખસ્વભાવથી ભરેલો છે...અહો! આવો સુખસ્વભાવ સાંભળે, તેના વિચાર–મનન કરે ને તેનો મહિમા લાવી અંદર ઉતરે તો ત્યાં જગતની કોઈ ચિન્તા કે આકુળતા ક્યાં છે? સુખમાં બીજી ચિન્તા કેવી?–સર્વજ્ઞના મહા આનંદની તો શી વાત? સાધકનો આનંદ પણ અપૂર્વ અતીન્દ્રિય છે.–આવો સુખવૈભવ દરેક આત્મામાં ભર્યો છે; તે પ્રગટ કરવાનો ઉપાય સમ્યગ્દર્શન છે.

–*–

અનેકાન્તસ્વરૂપ આત્મામાં સુખ નામની એક શક્તિ છે; તેનું લક્ષણ શું?–કે અનાકુળતા તેનું લક્ષણ છે. આકુળતા તે દુઃખ છે, તેના અભાવરૂપ નિરાકુળ શાન્તિ તે સુખ છે. અનાકુળતાથી ભરેલો ભગવાન આત્મા તેના સર્વપ્રદેશોમાં સુખ ભરેલું છે. આવા નિજસુખને પરમાં શોધે તો આકુળતા ને દુઃખ થાય એટલે સંસારભ્રમણ થાય. હે જીવ! સુખ અંતરમાં છે, તે બહારમાં શોધ્યે મળે તેમ નથી. બહારમાં તો નથી ને વિકલ્પમાંય સુખ નથી. વિકલ્પમાં સુખને શોધનારો અર્થાત્ રાગને સુખનું સાધન માનનારો પરમાર્થે બાહ્યવિષયોમાં જ સુખ માને છે. પોતાના સુખસ્વભાવને તે જાણતો નથી.

ભાઈ, સુખ તો તારો સ્વભાવ; તું પોતે જ સુખસ્વભાવથી ભરેલો, તો તારા સુખને બાહ્યવિષયોની કે વિકલ્પોની અપેક્ષા કેમ હોય? પોતાના બેહદ સુખસ્વભાવને ભૂલીને અજ્ઞાની જીવ ભ્રાન્તિથી અનંતા પરદ્રવ્યોમાં (–ખાવામાં, શરીરમાં, સ્ત્રીમાં, હોદ્દામાં, લક્ષ્મી વગેરેમાં) સુખ માને છે, પણ પોતામાં ખરેખર સુખનો સમુદ્ર ભર્યો છે તે તેને ભાસતો નથી. ભાઈ, તારું સુખ તો તારામાં છે ને તે સુખનું સાધન પણ તારામાં છે. તારી સુખશક્તિ

એ જ તારા સુખનું સાધન છે, બહારનું કોઈ સાધન નથી. પોતાના સુખને માટે બાહ્યસામગ્રી શોધવી તે તો વ્યગ્રતા છે, પરાધીનતા છે, દુઃખ છે.

સુખ તે આત્માનો ગુણ છે, પણ દુઃખ કાંઈ આત્માનો ગુણ નથી. જો દુઃખ મૂળસ્વભાવમાં હોય તો ટળી શકે નહિ. ને જો સુખ મૂળસ્વભાવમાં ન હોય તો મળી શકે નહિ. આમ પોતાના સુખસ્વભાવને જાણીને તેની સન્મુખ પરિણમતાં જે સુખ પ્રગટયું તેમાં દુઃખનો અભાવ છે. આવી દુઃખના અભાવરૂપ સુખદશા પ્રગટે ત્યારે આત્માના સુખસ્વભાવને જાણ્યો કહેવાય. સ્વાનુભૂતિમાં જે સુખનું વેદન થયું તે ઉપરથી ધર્મી જીવ જાણે છે કે મારો આખો આત્મા આવા પૂર્ણ સુખસ્વભાવથી ભરેલો છે.–આમ પર્યાયમાં પ્રસિદ્ધિ સહિત શક્તિની પ્રતીત સાચી થાય છે. શક્તિની પ્રતીત કરે ત્યાં તેનું ફળ પર્યાયમાં આવ્યા વિના રહે નહિ.

સાચું જ્ઞાન હોય ત્યાં સુખ પણ હોય જ; છતાં લક્ષણ બંનેના જુદા; જ્ઞાનનું લક્ષણ સ્વપરને જાણવું તે; સુખનું લક્ષણ અનાકુળતાને વેદવું તે. આત્મામાં દ્રષ્ટિ કરતાં તેના જ્ઞાન–સુખ વગેરે ગુણો વ્યક્તપણે પર્યાયમાં વ્યાપે, એટલે કે નિર્મળપણે પરિણમે, ત્યારે અનંતશક્તિવાળા આત્માને જાણ્યો–માન્યો–અનુભવ્યો કહેવાય.

જે શક્તિ હોય તેનું કંઈક કાર્ય હોવું જોઈએ ને! જેમ કે જ્ઞાનનું કાર્ય શું? કે જાણવું; તેમ સુખશક્તિનું કાર્ય શું? કે અનાકુળતાનું વેદન કરવું તે સુખશક્તિનું કાર્ય છે. સુખ ગુણના કાર્યમાં દુઃખ ન હોય. સુખથી ભરેલા અંતર્સ્વભાવમાં દ્રષ્ટિ કરતાં સુખ પ્રગટે છે, દુઃખ નથી પ્રગટતું. અહા, આવા સુખસ્વભાવની પ્રતીત કરતાં જ તેમાંથી નિરાકુળ અચિંત્ય આનંદની કણિકા પ્રગટે છે, જેનો સ્વાદ સિદ્ધપ્રભુના સુખ જેવો જ છે. –આવું સુખશક્તિનું કાર્ય છે.

આવું સુખ પ્રગટવા માટેના છએ કારકો પોતાના સુખગુણમાં જ સમાય છે. ધ્રુવમાં આનંદ ભર્યો છે તેમાં લક્ષ કરતાં તે પર્યાયમાં પ્રગટે છે. ધ્રુવનું અવલંબન તે જ સાધન છે, બહારમાં બીજું કોઈ સાધન નથી. ભાઈ, અંતરમાં નજર કરીને આનંદને શોધ; બહારમાં ક્યાંય ન શોધ.

પ્રશ્નઃ– બહારમાં તો બંગલા–મોટર–રેડિયો–સીનેમા વગેરે ઘણા પ્રકારનાં સુખનાં સાધન દેખાય છે ને?

ઉત્તરઃ– ભાઈ, સુખની ગંધ પણ એમાં નથી. એના તરફનું વલણ તે તો પાપ અને દુઃખ છે. સુખનો સાગર આત્મામાં ભર્યો છે, તેને બહારના કોઈ સાધનની જરૂર નથી; એટલે બાહ્ય વલણરૂપ આકુળતાનો તેમાં અભાવ છે. સુખ તેને કહેવાય કે જેમાં અંશમાત્ર આકુળતા ન હોય.

આત્માનો સુખગુણ શ્રદ્ધા–જ્ઞાન વગેરે સર્વગુણોમાં વ્યાપક છે, એટલે શ્રદ્ધાન–જ્ઞાન વગેરેના સમ્યક્ પરિણમનની સાથે સુખ પણ ભેગું જ છે. શ્રદ્ધા–જ્ઞાન સાચા થાય ને સુખનો અનુભવ ન થાય એમ બને નહિ. સુખના વેદનમાં અનંત ગુણોનો રસ ભેગો છે; અનંત ગુણનું અનંત સુખ છે.

અહો, આવો સુખસ્વભાવ સાંભળે, તેના વિચાર–મનન કરે ને તેનો મહિમા લાવી અંદર ઊતરે, તો ત્યાં જગતની કોઈ ચિન્તા કે આકુળતા ક્યાં છે? સુખમાં બીજી ચિન્તા કેવી? પરદ્રવ્ય તો કાંઈ આત્મામાં આવતું નથી ને આત્મા પોતાના ગુણથી બહાર પરમાં જતો નથી. આવા આત્માના ચિન્તનથી પરમ આનંદ પ્રગટે છે. છદ્મસ્થદશામાં જ્ઞાનીને જે આનંદ છે તે પણ અનંત ગુણના રસથી ભરેલો અનંત આનંદ છે; તો સર્વજ્ઞના મહા આનંદની શી વાત? પણ પોતાના આવા આનંદસ્વભાવને ભૂલીને પરની ચિન્તામાં જીવ વળગ્યો છે તેથી દુઃખી છે. સ્વભાવમાં જાુએ તો એકલું સુખ, સુખ ને સુખ જ ભર્યું છે.

આત્મામાં જે સુખ ભર્યું છે તે પ્રગટ કરવાનો માર્ગ સમ્યગ્દર્શન છે. સુખનો માર્ગ શુભરાગમાં નથી, સુખનો માર્ગ તો સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર છે. જે રાગમાં કે પુણ્યમાં સુખનો માર્ગ માને છે તેણે આત્માના સુખસ્વભાવને જાણ્યો નથી. પુણ્યના ફળરૂપ જે સુખ છે તે ઇન્દ્રિયજન્ય સુખ છે, તે કાંઈ સાચું સુખ નથી, પણ તે તો દુઃખ જ છે–એમ પ્રવચનસારમાં સિદ્ધ કર્યું છે. રાગ તો પોતે આકુળતા છે એના વડે ત્રણકાળમાં સુખ થાય નહિ. સુખગુણના પરિણમનમાં રાગનો કે આકુળતાનો અભાવ છે. એટલે કે ઉદયભાવનો અભાવ છે. સુખશક્તિ પારિણામિકભાવે ત્રિકાળ છે; તેનું પરિણમન ક્ષાયિકાદિ

ભાવરૂપ છે, આકુળતારૂપ ઉદયભાવનો તેમાં અભાવ છે, તે ખરેખર સુખગુણનું કાર્ય નથી. સુખગુણનું કાર્ય તો સુખરૂપ હોય, દુઃખરૂપ ન હોય. ઉદયભાવમાં સુખ નથી ને ઉદયભાવના ફળરૂપ બાહ્ય સંયોગ તેમાં પણ સુખ નથી. અરે, જડમાં તારું સુખ હોય? કદી ન હોય. જેનામાં પોતામાં સુખગુણ જ નથી તે તને સુખ ક્યાંથી આપશે? આત્મામાં જ આત્માનો આનંદ છે. પણ, મારામાં મારો આનંદ છે એવો તને તારો ભરોસો નથી એટલે બહારથી આનંદ લેવા માટે વ્યર્થ ઝાવાં નાંખે છે. જેમ ઝાંઝવાના જળથી તરસ કદી છીપે નહિ કેમકે ત્યાં પાણી જ નથી; તેમ વિષયો તરફના વલણથી કદી આકુળતા મટે નહિ કેમકે ત્યાં સુખ છે જ નહિ. ભાઈ, સુખનો દરિયો તો તારામાં છલોછલ ભર્યો છે તેમાં ડુબકી લગાવ તો તને તૃપ્તિ અનુભવાય, ને તારી આકુળતા મટી જાય. સુખ એટલે મોક્ષમાર્ગ, તે શુભરાગવડે થાય નહિ. અરે, સુખ તો સ્વાશ્રિતભાવમાં હોય કે પરાશ્રિતભાવમાં? પરાધીનતા સ્વપ્નેય સુખ નહિ. સ્વાધીનતા એટલે કે આત્મ– સ્વભાવનો આશ્રય તે જ સુખ છે.–એ સુખમાં અન્ય કોઈની જરૂર પડતી નથી.

પ્રભુ! તને આવો અવસર મળ્યો છે તો અંદરથી દરકાર કરીને આત્માને સમજ. નહિતર આ વખત ચાલ્યો જશે. મનુષ્યપણાનો વખત તો બહુ થોડો છે. જુઓને, ચાર દિવસ પહેલાં તો એક ભાઈ અહીં સભામાં વ્યાખ્યાન સાંભળવા આવેલા, ને આજે તો તે હૃદય બંધ પડી જવાથી મુંબઈમાં ગુજરી ગયા–એવા સમાચાર સંભળાય છે.–આવું ક્ષણભંગુર જીવન છે. માટે તેમાં બીજું બધું ગૌણ કરીને આત્માના હિતનું સાધન કરી લેવા જેવું છે. આત્માનું હિત કરવામાં બહારનું કોઈ સાધન નથી. રોટલો, ઓટલો ને પોટલો હોય તો સુખી થઈએ–એમ લોકો માને છે; પણ ભાઈ! તારા આત્મામાં જ અસંખ્યપ્રદેશી ઓટલો, આનંદના અનુભવરૂપી રોટલો ને અનંતગુણનો પોટલો છે. આવા રોટલા, ઓટલા ને પોટલામાં તારું સુખ છે. પરનું હોવાપણું કાંઈ તારામાં આવતું નથી. પરને જાણતાં પોતાના ભિન્ન અસ્તિત્વને અજ્ઞાની ભૂલી જાય છે. સુખ વગેરે ગુણો આત્મામાં ત્રિકાળ છે, તે કાંઈ નવા કરવાના નથી, પણ તે ગુણની ઓળખાણ વડે પર્યાયમાં સુખ વગેરે પ્રગટે છે–ને તેનું નામ ‘આત્મપ્રસિદ્ધિ’ છે.

જ્ઞાનમાત્ર આત્મામાં સુખગુણ સ્વાધીન છે; તે સુખની સાથે બીજા અનંતગુણો પણ ભેગા જ છે. અનંતગુણો એકસાથે આત્મામાં હોવા છતાં, તેમાં જે સુખગુણ છે તે અન્યગુણ નથી, ને જે અન્યગુણો છે તે સુખગુણ નથી.–એમ બધા ગુણો પોતપોતાના ભિન્ન ભિન્ન લક્ષણને રાખીને વસ્તુમાં રહ્યા છે. દરેક ગુણમાં ઉત્પાદ–વ્યય–ધ્રુવતા અન્ય કારકોથી નિરપેક્ષ છે. સુખના ઉત્પાદ–વ્યય–ધ્રુવ ત્રણે સુખરૂપ છે, તે ત્રણેમાં દુઃખનો અભાવ છે. બીજી રીતે કહીએ તો નિશ્ચયના શુદ્ધપરિણમનમાં વ્યવહારની અશુદ્ધતાનો અભાવ છે. અહીં તો શુદ્ધતાને જ જીવ કહીએ છીએ, અશુદ્ધતાને ખરેખર જીવ કહેતા નથી.

અહો, ૪૭ શક્તિનું વર્ણન કરીને તો આચાર્યદેવે આત્માના સ્વભાવને પ્રસિદ્ધ કર્યો છે. આ ૪૭ શક્તિ તો ઘાતીકર્મની ૪૭ પ્રકૃતિનો ઘાત કરીને કેવળજ્ઞાન પ્રગટ કરનારી છે. શક્તિના વર્ણનમાં શક્તિઓ ૪૭, ઘાતીકર્મોની પ્રકૃતિ ૪૭, પ્રવચનસારના પરિશિષ્ટમાં નયો પણ ૪૭ અને ઉપાદાન–નિમિત્તના દોહા પણ ૪૭, એમ બધામાં ૪૭ નો મેળ આવી ગયો છે. જ્ઞાનાવરણની પાંચ, દર્શનાવરણની નવ, મોહનીયની અઠ્ઠાવીશ અને અંતરાયની પાંચ, (૫+૯+૨૮+૫=૪૭) એમ ઘાતીકર્મોની કુલ ૪૭ પ્રકૃતિ છે; તેની સામે અહીં જે ૪૭ શક્તિનું વર્ણન કર્યું છે તે શક્તિવાળા આત્માને ઓળખતાં ૪૭ ઘાતિપ્રકૃતિનો ઘાત થઈ જાય છે, ને ભગવાન આત્મા પોતાની અનંત શક્તિની નિર્મળપર્યાયોસહિત પ્રસિદ્ધ થાય છે.

ભાઈ, સુખનું કારણ તો જ્ઞાન છે. સુખ આત્મામાં છે તેનું જ્ઞાન કર તો સુખ પ્રગટે. ‘જ્ઞાન સમાન ન આન જગતમેં સુખકો કારન.’ સમ્યગ્જ્ઞાન વડે આત્માને જાણતાં સુખ થાય છે. અહો, આ શક્તિના અલૌકિક વર્ણનમાં જ્ઞાનીનો અભિપ્રાય શું છે તે ઓળખે તો આત્માનો અનુભવ થયા વગર રહે નહિ. પોતે અંદર ઓળખે તો જ્ઞાનીનો ખરો આશય સમજાય; ને સમજણ ત્યાં સુખ હોય જ.

જેમ આત્મદ્રવ્ય પરની અપેક્ષા રાખતું નથી, તેમ તેની સુખશક્તિ પણ પરની અપેક્ષા રાખતી નથી અને તેની સુખપર્યાય પણ પરની અપેક્ષા રાખતી નથી. આ રીતે બધી શક્તિઓમાં દ્રવ્ય–ગુણ–પર્યાય ત્રણેનું પરથી

નિરપેક્ષપણું સમજવું. આવી અનંતશક્તિના વૈભવથી ભરેલો આત્મા પોતે, તેની કાંઈ કિંમત અજ્ઞાનીને દેખાતી નથી, ને લાખો કે કરોડો રૂપિયા ભેગા થાય ત્યાં તો જાણે હું દુનિયામાં કેવો મોટો થઈ ગયો–એમ તેની કિંમત ભાસે છે! ભાઈ, એનાથી તારી કિંમત નથી. એનાથી તો અનેકગણા ઉત્તમ વૈભવ સ્વર્ગમાં તેં અનંતવાર મેળવ્યા, પણ તને સુખ કિંચિત્માત્ર ન મળ્યું. અને નિગોદના એક સૂક્ષ્મશરીરમાં અનંતા જીવો સમાઈ જાય–એવી દશામાં પણ અનંતકાળ તેં ગાળ્યો. અત્યારે હવે આવું મનુષ્યપણું, આવો સત્સંગ પામ્યો છો તો તું આત્મતત્ત્વનું સ્વરૂપ સમજ, તારી અનંતશક્તિના શાશ્વત વૈભવને સંભાળ...કે જેમાંથી તને સાચું સુખ મળે.

ચૈતન્યના આનંદસાગરમાં ડોલતો આ ભગવાન આત્મા, તેના આનંદમાં આકુળતાની છાયા પણ નથી. એનો ભરોસો કરનાર સમ્યગ્દ્રષ્ટિને પરમાં જરાપણ સુખ ભાસતું નથી. ચક્રવર્તીના વૈભવ વચ્ચે પણ સમ્યગ્દ્રષ્ટિ જાણે છે કે આ બાહ્યવૈભવમાં અમે નથી, ને અમારામાં તે નથી; તે વૈભવમાં અમારું સુખ નથી; જેમાં અમારું અસ્તિત્વ જ નહિ તેમાં અમારું સુખ કેમ હોય? અમારું સુખ તો અમારામાં, અમારા નિજવૈભવમાં જ છે. સ્વાનુભવથી અમારું અંતરનું સુખ અમે દેખ્યું છે, અમારા નિજવૈભવને અમે જાણ્યો છે. અરે, આ બાહ્યવૈભવમાં અમારું અસ્તિત્વ નથી, જ્યાં અમે છીએ ત્યાં અનંતું સુખ ભર્યું છે, અમારા અસ્તિત્વમાં આનંદના સાગરની છોળો ઊછળે છે. આ રાજ્ય પ્રત્યે કે સ્ત્રીઆદિ પ્રત્યે જરાક વલણ જાય છે એ તો બધા રાગનાં ચાળા છે; ઉદયભાવની ચેષ્ટારૂપ આ રાગ પણ ખરેખર અમે નથી તો પછી બહારના પદાર્થો તો અમારા ક્યાંથી હોય? તેમાં ક્યાંય અમને અમારું સુખ દેખાતું નથી.

'પણ સંયોગમાં ઊભેલા દેખાય છે ને?' તો કહે છે કે ભાઈ, તને એના અંતરની ખબર નથી; એની અંતરની દશાને તું ઓળખતો નથી. એની દ્રષ્ટિ બધેયથી ઊઠી ગઈ છે ને એક આત્મામાં જ દ્રષ્ટિ લાગી છે. દ્રષ્ટિ જ્યાં લાગી છે ત્યાંથી તે ખસતી નથી; ને દ્રષ્ટિ જ્યાંથી ખસી ગઈ ત્યાં હવે લાગતી નથી. અને, જેની જ્યાં દ્રષ્ટિ છે ત્યાં જ ખરેખર તે ઊભા છે. જ્ઞાની સંયોગમાં ઊભા છે કે સ્વભાવમાં? તેની ખબર અજ્ઞાનીને પડે નહિ. જ્ઞાનીને સંયોગની રુચિ છૂટી થઈ છે ને નિજસ્વભાવની રુચિ થઈ છે, તેથી ખરેખર તે સંયોગમાં

નથી ઊભા, રાગમાં પણ નથી ઊભા, પોતાના સ્વભાવમાં જ ઊભા છે. જે રાગપરિણમન છે તે કાંઈ ‘જ્ઞાની’ નથી, તેના વડે ‘જ્ઞાની’ ઓળખાતા નથી; રાગ વગરની નિર્મળ પરિણતિમાં પરિણમતો આત્મા તે જ ‘જ્ઞાની’ છે, તે પરિણતિવડે જ ‘જ્ઞાની’ ઓળખાય છે. આ પ્રકારની જ્ઞાનીની સાચી ઓળખાણ જીવને દુર્લભ છે. જ્ઞાનીની દર્શનશુદ્ધિમાં આત્માના આનંદનો જ આદર છે, એટલે તેને આનંદનું વેદન જ મુખ્ય છે; સંયોગનો આદર નથી, રાગનો આદર નથી એટલે દ્રષ્ટિમાં તેના વેદનનો અભાવ છે.

અહો, સંયોગ અને રાગ વચ્ચે ઊભેલા દેખાય છતાં જ્ઞાનીની દ્રષ્ટિ કોઈ જુદું જ કામ કરે છે. તેનું વર્ણન કરતાં કવિ દૌલતરામજી કહે છે કે–

चिन्मूरत-द्रग्धारीकी मोहे रीति लगत है अटापटी।
बाहर नारकीकृत दुःख भोगै अन्तर सुखरस गटागटी।
रमत अनेक सुरनि संग पै तिस परिणतितैं नित हटाहटी।
ज्ञान-विराग शक्तितैं विधिफल भोगत पै विधि घटाघटी।
सदननिवासी तदपि उदासी तातें आस्रव छटाछटी।

નરકના સંયોગને કે સ્વર્ગના સંયોગને, કે તે તરફના દુઃખ–સુખના ભાવને સમ્યગ્દ્રષ્ટિ તન્મયપણે નથી વેદતા, તે તો પોતાના સુખગુણના નિર્મળપરિણમનરૂપ આનંદને જ તન્મયપણે વેદે છે. પ્રતિકૂળ સંયોગનો કે દુઃખનો તેમાં અભાવ છે. એ સંયોગ વખતે પણ અંતરમાં તો તે અતીન્દ્રિય સુખરસને ગટગટાવે છે. આવો સુખસ્વભાવ દરેક આત્મામાં છે. જ્ઞાનપરિણતિ સાથે તે સુખ ભેગું જ પરિણમે છે.

અસંખ્યપ્રદેશી દ્રવ્ય, જ્ઞાનાદિ અનંતગુણો ને તેનું નિર્મળ પરિણમન, આ ત્રણે થઈને અખંડ આત્મવસ્તુ છે. આવી આત્મવસ્તુને લક્ષમાં લેતાં સમયે સમયે નવો નવો આનંદ પરિણમે છે. તે આનંદ પરિણમીને આત્માના સર્વગુણોમાં વ્યાપે છે, એટલે સુખની અનુભૂતિમાં અનંતગુણનો રસ વેદાય છે. જેમ ‘સર્વ ગુણાંશ તે સમ્યક્ત્વ’ કહ્યું છે તેમ આમાં પણ સમજવું. અનંતગુણમાં વ્યાપક સુખ અનંતગુણના રસથી ભરેલું અનંતું છે.

( બાકી આવતા અંકમાં )




## પ્રશ્નો

[ જવાબ તા. ૫ જુન સુધીમાં લખી મોકલશો ]

સરનામું: **આત્મધર્મ-બાલવિભાગ, સોનગઢ** ( સૌરાષ્ટ્ર )

**પ્રશ્નઃ** ૧ તમારો મુખ્ય ગુણ ક્યો ?

**પ્રશ્નઃ** ૨ જીવ–પુદ્‌ગલ–ધર્મ–અધર્મ–આકાશ ને કાળ એ છએ દ્રવ્યોમાંથી અસ્તિત્વગુણ કેટલા દ્રવ્યોમાં છે ?

**પ્રશ્નઃ** ૩ ભારતનું સૌથી મહાન તીર્થધામ કયું ? અને તે મહાન તીર્થમાંથી સૌથી છેલ્લા કયા તીર્થંકર મોક્ષ પામ્યા ?

**પ્રશ્નઃ** ૪ આપણા બાલવિભાગના સભ્યોએ, તેમજ બધાય જૈનોએ કરવા જેવી ત્રણ વાત કઈ ? આત્મધર્મમાં ઘણીવાર તે આવી ગઈ છે, ભૂલી ગયા હો તો બાલવિભાગમાંથી શોધીને લખો, અથવા તમારા મિત્રને પૂછી લ્યો.

## પત્ર લખો ( એક નવીન આયોજન )

ઉનાળાની રજાઓનો તમે શું સદુપયોગ કર્યો–તે સંબંધી એક પત્ર તમે તમારા મિત્ર ઉપર લખો. આ પત્ર તમે બાલવિભાગના કોઈ સભ્યને તમારો ભાઈ ગણીને લખતા હો તે રીતે લખવાનો છે અને ધાર્મિકભાવનાની દ્રષ્ટિએ લખવાનો છે. પત્ર સુંદર અક્ષરે લખશો; બહુ લાંબો ન લખશો, અને સંપાદક આત્મધર્મ, સોનગઢ ( સૌરાષ્ટ્ર ) ને સરનામે ( તા. ૩૦ જુન સુધીમાં ) મોકલી દેશો. આવેલા પત્રોમાંથી ઉત્તમ પત્રોને યોગ્ય ઇનામ આપવામાં આવશે. પત્ર સાથે તમારો સભ્ય નંબર તથા પૂરું સરનામું લખશો.

## બાલવિભાગનું ભેટપુસ્તક ( ભગવાન ઋષભદેવ )

બાલવિભાગના નીચેના સભ્યોનાં પૂરા સરનામા અમારી પાસે નથી, તેથી તેમનું ભેટપુસ્તક "ભગવાન ઋષભદેવ" મોકલી શકાયું નથી; જેઓ તુરત પોતાનું સરનામું મોકલી આપશે તેમને ભેટપુસ્તક મોકલીશું–સભ્યનંબર–૮૭૪, ૧૦૫૬, ૧૦૫૪, ૧૧૮૭, ૧૦૪૮, ૧૦૫૧, ૮૦૧, ૮૦૫, ૭૪૦, ૬૮૯, ૧૨૦૭, ૧૭૧૬, ૪૬૯.

બંધુઓ, આપણા બાલવિભાગથી અત્યંત પ્રસન્ન થઈને ઠેઠ રાજસ્થાનથી દિ. જૈન વિદ્યાલય રામગઢ તરફથી તમને બધાને એક ભેટપુસ્તક આપ્યું છે. તે અનુસાર **“ભગવાન ઋષભદેવ”** નામનું સરસ મજાનું ભેટપુસ્તક તમને સૌને મોકલાઈ ગયું છે. પુસ્તક મોકલવાની વ્યવસ્થામાં જરા વિલંબ થયો છે, પણ હવે વૈશાખ સુખ બીજ આસપાસમાં તમને તે મળી ગયું હશે ને તે જોઈને ખુશી થયા હશો. હવે તો વેકેશન છે, એટલે તે પુસ્તક જરૂર વાંચજો. જે સભ્યોને પુસ્તક ન મળ્યું હોય તેઓ પોતાનું નામ–સરનામું તથા સભ્ય નંબર જણાવશો, એટલે મોકલી દેશું. પણ નીચેની બે વાત લક્ષમાં રાખશો–

( ૧ ) એક જ ઘરમાં એકથી વધુ ભાઈ–બહેનો સભ્ય હોય તેમને જાુદું જાુદું પુસ્તક નથી મોકલ્યું પણ બધા વચ્ચે એક જ મોકલ્યું છે. માટે જાુદું જાુદું ન મંગાવશો.

( ૨ ) આ ભેટપુસ્તક આત્મધર્મના ગ્રાહકોને નહિ, પણ બાલવિભાગના સભ્યોને જ ભેટ આપવામાં આવ્યું છે. વિશેષ પુસ્તકો સોનગઢમાં કિંમતથી મળી શકશે. કિંમત એક પુસ્તકનો એક રૂપીઓ; બે પુસ્તકના ૧ = ૬૦ ( પોસ્ટેજ દરેક પુસ્તક દીઠ વીસ પૈસા. )

**જન્મદિવસની ભેટ**

બંધુઓ, તમારા જન્મદિવસે તમને અભિનંદન–કાર્ડ તથા નાનો ફોટો ભેટ મોકલાય છે. પરંતુ છેલ્લા ચાર માસ દરમિયાન કેટલાક સભ્યોના જન્મદિવસે તે મોકલવાનું રહી ગયેલ છે; તે હવે મોકલી દીધા છે. જો કે જન્મદિવસ વીતી ગયા પછી તમને તે મળશે, છતાં તે દેખીને તમને જરૂર આનંદ થશે.

ઘણા સભ્યોએ પોતાનો જન્મદિવસ લખાવેલ નથી, તો તે મોકલવો જરૂરી છે– જેથી તેમને કાર્ડ અને ફોટો મોકલી શકાય.

આ વર્ષ દરમિયાન ( દીવાળી પછી ) તમારા જન્મદિવસની ભેટ તમને ન મળી હોય તો, સરનામું અને જન્મદિવસ તથા સભ્ય નંબર લખીને મોકલો, એટલે મોકલી આપશું.

ઘણા બાળકોના પત્રો આવેલા છે, તે બધાની વ્યવસ્થા પણ આવતા માસથી થઈ જશે.

જે બાળકો નવા સભ્યો થયા છે તેમનાં નામો પણ આવતા અંકમાં જરૂર પ્રગટ કરીશું.

ગયા અંકમાં બાલવિભાગ આવ્યો ન હતો, તેથી તમને મજા નહિ આવી હોય, પણ તમે સૌ પરીક્ષામાં હતા ને અમે યાત્રા–પ્રવાસમાં હતા, એટલે એક અંકમાં રજા પાડી હતી. હવે બરાબર આપતા રહીશું. તમે પણ હવે પત્ર લખી શકો છો, પ્રશ્નો તેમજ “વાંચકો સાથે વાતચીત” માટેની સામગ્રી ખુશીથી મોકલી શકો છો. યાત્રા દરમિયાન દરેક ગામે ઘણા બાલસભ્યો મળ્યા ને પ્રસન્નતા થઈ. આપણા બાલવિભાગનો પરિવાર ભારતમાં ગામેગામ ફેલાયેલો છે, ને બાળકો અત્યંત પ્રેમથી ઊંચા ધાર્મિક સંસ્કારો મેળવે છે, તે આનંદની વાત છે.

# 卐 બોટાદ શહેરમાં ગુરુદેવનો જન્મોત્સવ 卐

પૂ. ગુરુદેવનો ૭૮મો જન્મોત્સવ બોટાદ શહેરમાં આનંદથી ઉજવાયો. ગુરુદેવ આઠ દિવસ અગાઉ બોટાદ શહેરમાં પધાર્યા ને ઉત્સાહથી સ્વાગત થયું. આ દરમિયાન બહારગામથી પણ અનેક જિજ્ઞાસુઓ આવ્યા હતા. જિનમંદિર તથા સ્વાધ્યાયમંદિર પ્રકાશ અને શણગારથી શોભતા હતા; બોટાદના ભાઈઓને ઉત્સાહ હતો. આ ઉત્સવમાં માંગળિક તરીકે પંચપરમેષ્ઠીનું મંડલવિધાન થયું હતું. વૈશાખ સુદ બીજે બહારગામથી હજાર ઉપરાંત મહેમાનો જન્મોત્સવ ઉજવવા આવ્યા હતા. અજમેરની ભજનમંડળીના ભાઈઓ પણ આવ્યા હતા.

વૈશાખ સુદ બીજની વહેલી સવારમાં મંગલ વાજાં ને ૭૮ ઘંટનાદ પૂર્વક ઉત્સવની શરૂઆત થઈ. જન્મવધાઈના આનંદમાં પ્રભાત ફેરી નીકળી; ને આનંદપૂર્વક નગરીમાં ફરીને સૌ મંડપમાં જન્મવધાઈ લેવા આવી પહોંચ્યા. મંડપમાં ૭૮ સુસજ્જિત કમાનો વગેરે શણગાર શોભતા હતા. સવારમાં ગુરુદેવે ભાવભીના હૃદયે જિનેન્દ્ર ભગવાનના દર્શન કરીને અર્ઘ ચડાવ્યો. થોડીવારમાં પ્રભાતફેરી મંડપમાં આવી પહોંચી, ને મંડપમાં બિરાજમાન ગુરુદેવને હજારો ભક્તોએ અભિનંદન કર્યા. ત્યારપછી જિનમંદિરમાં સમૂહ–પૂજન થયું ને પછી ઉત્સાહપૂર્વક શ્રી જિનેન્દ્રભગવાનની રથયાત્રા નીકળી હતી. રથયાત્રા પછી અનેક ભક્તોએ ગુરુદેવનો મહિમા પ્રસિદ્ધ કર્યો, જન્મોત્સવ સંબંધી ભક્તિ થઈ, તથા આ પ્રસંગની ખુશાલીમાં ૭૮ની અનેક રકમો જાહેર કરવામાં આવી; દેશભરમાંથી સેંકડો અભિનંદનના તાર સન્દેશા આવ્યા હતા.–આમ બોટાદ શહેરના આંગણે આનંદથી ગુરુદેવનો જન્મોત્સવ ઉજવાયો. બપોરના પ્રવચન બાદ ભક્તિ થઈ હતી. રાત્રે પણ આનંદકારી ભક્તિ થઈ હતી. આ રીતે બોટાદ શહેરમાં ૭૮ મી જન્મજયંતિનો ઉત્સવ પૂર્ણ થયો હતો ને બીજે દિવસે સવારમાં ગુરુદેવ બોટાદથી રાજકોટ પધાર્યા હતા.

## રાજકોટ શહેરમાં–

અક્ષય ત્રીજ (વૈ. સુદ ૩) આજના ઉત્તમ દિવસે ગુરુદેવ પધારતાં રાજકોટના સંઘે ઉત્સાહપૂર્વક સ્વાગત કર્યું. ભવ્ય જિનાલય, ઉન્નત માનસ્તંભ, સીમંધરનાથનું સમવસરણ–મંદિર વગેરેનાં દર્શન કરતાં આનંદ થયો; ગુરુદેવ પધારતાં અહીંનું વાતાવરણ એક તીર્થધામ જેવું બની ગયું હતું. સ્વાગત બાદ જિનમંદિરમાં દર્શન કરીને ગુરુદેવ જિનમંદિર સામેના ભવ્ય મંડપમાં પધાર્યા. ત્યાં સ્વાગત–પ્રવચન અને સ્વાગત–ગીત બાદ

માંગળિક સંભળાવતાં ગુરુદેવે કહ્યું કે–ભગવાન કુંદકુંદાચાર્યદેવે જીવત્વશક્તિદ્વારા આત્માનું જીવન બતાવ્યું છે. આત્મા પોતાના જ્ઞાન–દર્શન–આનંદ ને સત્તારૂપ પ્રત્યક્ષ પ્રાણથી જીવે તે સાચું જીવન છે. ધર્મી જીવ આવું જીવન પ્રગટ કરે છે. અને તે પહેલાં પણ આવા આત્માનો નિર્ણય કરવો જોઈએ કે પ્રત્યક્ષ સંવેદનગમ્ય ચૈતન્યસ્વભાવ હું છું; પરોક્ષપણું રહે એવું મારું સ્વરૂપ નથી. આવા સ્વસંવેદનપ્રત્યક્ષ આત્માનો નિર્ણય કરવો તે પણ એક માંગળિક છે.

રાજકોટ સંઘનું વાતાવરણ ઉત્સાહ ભર્યું છે. પ્રવચનમાં સવારે પરમાત્મપ્રકાશ અને બપોરે સમયસાર કર્તાકર્મ અધિકાર વંચાય છે; રાત્રે તત્ત્વચર્ચા પણ અવનવી ચાલે છે. આ ઉપરાંત સવારે ને સાંજે વિદ્યાર્થીઓનો શિક્ષણવર્ગ ચાલે છે, તેમાં પણ સેંકડો વિદ્યાર્થીઓ ને જિજ્ઞાસુઓ લાભ લઈ રહ્યા છે. આમ ઉત્સાહપૂર્વક ગુરુદેવની મંગલ છાયામાં ધાર્મિક વાતાવરણ ચાલી રહ્યું છે. શિક્ષણવર્ગ ૩૧ મે સુધી ચાલશે, અને તા. ૧–૬–૬૭ના પૂ. ગુરુદેવ સોનગઢ પધારશે. વિશેષ સમાચાર આવતા અંકે. ( રાજકોટની ચર્ચા વગેરેનો નમૂનો પણ સ્થળ–સંકોચને કારણે આ અંકે આપી શક્યા નથી. )

जयजिनेन्द्र

– 卐 –

# વિ વિ ધ - સ મા ચા ર

શ્રવણબેલગોલા ( મૈસુર ) ના ૪૭૦ ફૂટ ઊંચા વિંધ્યગિરિ પહાડ ઉપર સ્થિત વિશ્વપ્રસિદ્ધ ભગવાન બાહુબલી ( ગોમટેશ્વર ) પ્રભુના ૫૭ ફૂટ ઊંચા ભવ્ય પ્રતિમાજીનો મહામસ્તકઅભિષેક ૧૪ વર્ષે ગત તા. ૩૦ માર્ચ ફાગણ વદ પાંચમના રોજ થયો. પહેલો સુવર્ણકળશ ૪૭૦૦૦ (સુડતાલીશ હજાર) રૂા. ની ઊછામણીમાં કેરલના શ્રી જિનચન્દ્રનજીએ લીધો હતો. ત્રણલાખ જેટલા ભક્તો અને દર્શકો અભિષેક–ઉત્સવમાં આવ્યા હતા; મૈસુરના મુખ્યપ્રધાન વગેરે પણ ઉપસ્થિત હતા. અભિષેક પ્રસંગે હેલીકોપ્ટર દ્વારા પુષ્પવૃષ્ટિ ( માત્ર ૧૬ ફૂટ ઊંચેથી ) થઈ હતી. આકાશમાંથી પુષ્પવૃષ્ટિનું એ દ્રશ્ય આનંદકારી હતું. અભિષેકના દિવસે કળશ લેનારા પાંચ હજાર ભક્તો જ ઇન્દ્રગીરી ( અથવા વિંધ્યગિરિ ) ઉપર જઈ શક્યા હતા. બીજા લાખો માણસો સામેની ચંદ્રગિરિ પહાડી ઉપરથી અભિષેકનું અવલોકન કરતા હતા. દેશ–વિદેશના પત્રકારો ટેલિવિઝન કેમેરા સહિત આવ્યા હતા. મહાઅભિષેકની ફિલ્મ ન્યુઝરીલ તરીકે ભારતના મુખ્ય સીનેમાઘરોમાં બતાવવામાં આવે છે. આ રીતે દેશ–વિદેશના લાખો–કરોડો માણસો ભગવાન બાહુબલીનાથના દર્શન કરીને આનંદિત થાય છે. ગુરુદેવે આ બાહુબલી ભગવાનના દર્શન વખતે આનંદકારી

ઉદ્‌ગારો વ્યક્ત કર્યા હતા–અહા ! જાણે પવિત્રતા અને પુણ્યનો પિંડલો છે ! એ અડોલ ધ્યાનમાં મગ્ન આત્મસાધક વીરની પવિત્ર મુદ્રા હજાર–હજાર વર્ષથી લાખો મુમુક્ષુઓને આત્મસાધનાની પ્રેરણા આપી રહી છે. जय बाहुबली.

બાહુબલી ભગવાનના મહામસ્તકાભિષેક પ્રસંગે યાત્રાર્થે નીકળેલા યાત્રિકોમાંથી પંદર–વીસ હજાર જેટલા યાત્રિકો સોનગઢ આવ્યા હતા. જો કે તે અરસામાં ગુરુદેવ પણ યાત્રા–પ્રવાસમાં હોવાથી સોનગઢમાં ન હતાં, છતાં સોનગઢના દર્શનથી તે હજારો યાત્રિકો પ્રસન્ન થયા હતા.

**એક ખુલાસોઃ-** - સુરેન્દ્રનગરમાં પાઠશાળાનું ઉદ્‌ઘાટન થયું તેના સમાચારમાં શેઠ શ્રી ફૂલચંદ ચતુરભાઈ તરફથી દાનની જે વિગત ( અંક ૨૮૧માં ) પ્રગટ થઈ છે તેને બદલે આ પ્રમાણે સમજવું કે પાઠશાળાના સંચાલન માટે દર વર્ષે રૂા. ૫૦૧/– ( પાંચસો એક ) તેમના તરફથી આપવાનું વચન મળ્યું છે.

**વૈરાગ્ય-સમાચારઃ-** ભાઈશ્રી ચત્રભુજ વનમાળીદાસ ( ઉ. વ. ૫૮ ) ( સોનગઢના તપસીજીના પુત્ર ) અમરાવતી મુકામે તા. ૪–૫–૬૭ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેમનો આત્મા શાન્તિ પામો.

## આત્મધર્મના ગ્રાહકોને સૂચના

( ૧ ) ગુજરાતી આત્મધર્મ દર માસની વીસમી તારીખે પ્રસિદ્ધ થાય છે. કોઈ કારણસર પચીસમી તારીખે પણ પ્રસિદ્ધ થાય છે. કદાચિત્ આપને અંક તારીખ ત્રીસમી સુધીમાં ન મળે તો નીચેના સરનામે જાણ કરવી. આપને આપનો અંક નિયમિત મળી જાય તે માટે સંપૂર્ણ વ્યવસ્થા કરવામાં આવી છે.

( ૨ ) આત્મધર્મના ગ્રાહકોના સરનામા છપાય છે; માટે આ અંકના રેપર ઉપરનું આપનું નામ ઠેકાણું વગેરે તપાસી લેવું. જો તેમાં કોઈ ફેરફાર ઘર બદલવાના કારણે થયો હોય કે ભવિષ્યમાં ઘર બદલવાનો પ્રસંગ આવે ત્યારે અચૂક ઓફિસને જાણ કરવી જેથી આપને આપનો અંક મળી રહે.

( ૩ ) ‘શાસ્ત્રસ્વાધ્યાય’ ભેટ–પુસ્તક સંવત્ ૨૦૨૨ની સાલના ગ્રાહકો હતા તેમને જ આપવામાં આવ્યું છે. જ્યાં જ્યાં મંડળો છે ત્યાં ત્યાં તે મોકલાઈ ગયા છે માટે ત્યાંથી મેળવી લેવા. કોઈને ન મળ્યું હોય તો નીચેના સરનામે જાણ કરવી.

( ૪ ) ‘શ્રાવકધર્મપ્રકાશ’ સંવત્ ૨૦૨૩ ( ચાલુ સાલના ) ના જે ગ્રાહકો છે તેમને જ ભેટ અપાય છે. તે મોકલવાનું ચાલુ છે. જે મંડળોને કે વ્યક્તિઓને તે ન મળેલ હોય તેમણે નીચેના સરનામે જાણ કરવી.

મેનેજર

**દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ** ( સૌરાષ્ટ્ર )



પૂ. શ્રી કાનજીસ્વામી દ્વારા ભગવાન શ્રી બાહુબલીપ્રભુના
ચરણ-અભિષેકનું એક યાદગાર દૃશ્ય

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ વતી પ્રકાશક અને
મુદ્રકઃ મગનલાલ જૈન, અજિત મુદ્રણાલયઃ સોનગઢ (સૌરાષ્ટ્ર)